સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 49

[NOV - DEC - 2020]
[29/11/20 to 05/12/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 14

01 TO 15 NOV - 2020

ICE®

**Click Here To DOWNLOAD**



## CURRENT TOPICS

- સૌથી વધુ વિદેશી રોકાણ મેળવનાર રાજ્ય ગુજરાત
- IEEE દ્વારા જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (GMRT)ને 'માઈલસ્ટોન'નો દરજ્જો આપવામાં આવ્યો
- મેઘાણીની નવલકથા 'વેવિશાળ'નો રશિયન-ચીની ભાષામાં અનુવાદ
- MDHના સ્થાપક ધર્મપાલ ગુલાટીનું 98 વર્ષની વયે નિધન
- પોલીસ સ્ટેશનોનું વાર્ષિક રેન્કિંગ
- રણજીતસિંહ ડિસલેને ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2020 એનાયત કરવામાં આવ્યો હતો


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**29 NOVEMBER, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 29 નવેમ્બર, પેલેસ્ટિનિયન લોકો સાથે આંતરરાષ્ટ્રીય એકતા દિવસ

## ➤ શાંઘાઈ વિશ્વનું સૌથી કનેક્ટેડ શહેર બન્યું

- ધી ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશને (IATA) તાજેતરમાં જાહેરાત કરી હતી કે શાંઘાઈએ વિશ્વનું સૌથી વધુ જોડાયેલ શહેર છે.
- શાંઘાઈની સાથે બેઈજિંગ, ચેંગ્ડુ અને ગ્વાંગ્ઝુ જેવા અન્ય ત્રણ શહેરો પણ વિશ્વના સૌથી વધુ જોડાયેલા શહેરો તરીકે ઉભરી આવ્યા છે.
- ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના જણાવ્યા અનુસાર અગાઉ લંડન વિશ્વનું સૌથી વધુ કનેક્ટેડ શહેર હતું.
- લંડન શહેર હવે આઠમા સ્થાને આવી ગયું છે.
- લંડનનું હિથ્રો એરપોર્ટ વિશ્વનું બીજું સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટ છે. 2019માં, આ એરપોર્ટે 80 મિલિયનથી વધુ મુસાફરોનું સ્વાગત કર્યું હતું.

**IATA અનુસાર સૌથી વધુ કનેક્ટેડ વિશ્વના શહેરો**

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | શાંઘાઈ | ચીન |
| 2 | બેઈજિંગ | ચીન |
| 3 | ગ્વાંગ્ઝુ | ચીન |
| 4 | ચેંગ્ડુ | ચીન |
| 5 | શિકાગો | અમેરિકા |
| 6 | શેન્ઝેન | ચીન |
| 7 | લોસ એન્જલસ | અમેરિકા |



## ➤ ભારત અફઘાનિસ્તાનમાં શાહતૂત ડેમ બનાવશે

- કેન્દ્રીય વિદેશ પ્રધાન શ્રી એસ. જયશંકરે તાજેતરમાં જિનીવા ડોનર્સ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે ભારત અફઘાનિસ્તાનમાં શાહતૂત ડેમ બનાવશે.
- આ ડેમ કાબુલ નદીની સહાયક નદી મેદાન નદી પર બનાવવામાં આવશે. આ નદી પર ડેમ બનાવવા માટે વાટાઘાટો વર્ષ 2016થી શરૂ હતી.
- વર્ષ 2016માં ભારતે અફઘાનિસ્તાનની હરી નદી (હેરાત પ્રાંત) પર સલમા ડેમ બનાવવા માટે નાણાં ફાળવ્યા હતા. આ ડેમને 'અફઘાન-ઈન્ડિયા ફ્રેન્ડશીપ ડેમ' પણ કહેવામાં આવે છે.

### શાહતૂત ડેમ વિશે

- અફઘાનિસ્તાનની કાબુલ નદીના જળક્ષેત્રમાં શાહતૂત ડેમ બનાવવામાં આવનાર છે.
- આ ડેમ અફઘાનિસ્તાનના કાબુલ પ્રાંત માટે સિંચાઈ, પીવાનું પાણી પુરૂ પાડશે.
- આ પ્રોજેક્ટ માટેની અંદાજિત કિંમત 305 મિલિયન ડોલર છે.

## ➤ કૃષિમંત્રીના હસ્તે 'હની FPO' કાર્યક્રમનું ઉદ્દઘાટન

- કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે તાજેતરમાં મધમાખી ઉછેર કરનારાઓ અને મધ સંગ્રહ કરનારાઓ માટેના સહકારી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો.
- હની FPO કાર્યક્રમ 5 રાજ્યોમાં શરૂ કરાયો હતો.
- આ કાર્યક્રમ અંતર્ગત 5 રાજ્યોમાં 5 ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) ઊભા કરવામાં આવનાર છે.

**5 FPO ક્યાં સ્થપાશે ?**

| સ્થળ | રાજ્ય |
|---|---|
| પૂર્વ ચંપારણ | બિહાર |
| ભરતપુર | રાજસ્થાન |
| મોરેના | મધ્યપ્રદેશ |
| મથુરા | ઉત્તરપ્રદેશ |
| સુંદરવન | પશ્ચિમ બંગાળ |

- ઉપરની તમામ સંસ્થાઓની સ્થાપના NAFED (નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)ની રચના 'સ્કિમ ઓફ ફોર્મેશન એન્ડ પ્રમોશન ઓફ 10,000 FPO' હેઠળ કરવામાં આવશે.

### ભારતમાં મધમાખી ઉછેર

- સંયુકત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અનુસાર, મધના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં 8મો ક્રમ ધરાવે છે.
- બીજી બાજુ, મધના ઉત્પાદનમાં ચીન પ્રથમ સ્થાને છે.


### મધનું ઉત્પાદન વધારવા ભારત સરકારના પ્રયત્નો

- ભારત સરકારે દેશમાં મધનું ઉત્પાદન વધારવા માટે 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત 500 કરોડ ફાળવ્યા છે.
- 'રાષ્ટ્રીય હની મિશન' શરૂ કરવામાં આવ્યું છે અને લગભગ 30 લાખ ખેડૂતોને મધમાખી ઉછેરની તાલીમ આપવામાં આવી છે.

### મધમાખી ઉછેર વિકાસ સમિતિ

- મધમાખી ઉછેર વિકાસ સમિતિની રચના 2019માં બિબેક દેબરોયના નેતૃત્વમાં કરવામાં આવી હતી.
- આ સમિતિએ ભારતના વડાપ્રધાનની આર્થિક સલાહકાર સમિતિ હેઠળ કામ કર્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના શરૂ કરવામાં આવી

**Pradhan Mantri Jeevan Jyoti Bima Yojana**

- <u>પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના</u> શરૂ કરવા માટે <u>ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)</u>એ <u>PNB મેટલાઈફ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ સાથે સહયોગ</u> કર્યો હતો.
- તે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના બચત ખાતા ધારકો માટે વૈકલ્પિક હશે.

### પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના એ <u>2015</u>માં શરૂ કરેલી એક <u>સામાજિક સુરક્ષા યોજના</u> છે.
- આ યોજના અંતર્ગત <u>આયુષ્ય મર્યાદા 18-50 વર્ષની</u> જરૂરી છે.
- તે વીમો મેળવેલ વ્યકિતના મૃત્યુના કિસ્સામાં <u>2 લાખ રૂપિયાનો જીવન વીમો પ્રદાન</u> કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



Priyaben Bopaliya

GSCSCL
ASSISTANT DEPOT MANAGER
ICE ના વિદ્યાર્થીને
નિમણૂક પામવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન...

## ICE Questions

1. ‘પેલેસ્ટિનિયન લોકો સાથે આંતરરાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 28 નવેમ્બર (B) 29 નવેમ્બર (C) 30 નવેમ્બર (D) 1 ડિસેમ્બર **(B)**

2. ધી ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) એ તાજેતરમાં જાહેર કર્યા મુજબ વિશ્વનું સૌથી વધુ કનેક્ટેડ શહેર કયું છે ?

(A) બેઈજિંગ (B) શિકાગો (C) લંડન (D) શાંઘાઈ **(D)**

3. તાજેતરમાં કયા દેશમાં ભારતે શાહતૂત ડેમ બનાવવાની જાહેરાત કરી હતી ?

(A) માલદીવ (B) નેપાળ

(C) અફઘાનિસ્તાન (D) મ્યાનમાર **(C)**

4. કયા ડેમની ઓળખ ‘અફઘાન–ઈન્ડિયા ફ્રેન્ડશીપ ડેમ’ તરીકેની છે ?

(A) શાહતૂત (B) પખ્તુન્વા (C) સલમા (D) બગલીહાર **(C)**

5. હની FPOની સ્થાપના કોના દ્વારા કરવામાં આવશે ?

(A) NAFED (B) E-NAM

(C) NASSCOM (D) APMC **(A)**

6. મધના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં કેટલામા ક્રમાંકે છે ?

(A) 6 (B) 7 (C) 8 (D) 9 **(C)**

7. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત વીમીત વ્યકિતના મૃત્યુના કિસ્સામાં કેટલા રૂપિયાનો વીમો મળે છે ?

(A) 2 લાખ રૂપિયા (B) 4 લાખ રૂપિયા (C) 3 લાખ રૂપિયા (D) 6 લાખ રૂપિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 30 NOVEMBER, 2020 MONDAY

## ➤ દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ (Day of Remembrance for all Victims of Chemical warfare)

## ➤ સૌથી વધુ વિદેશી રોકાણ મેળવનાર રાજ્ય ગુજરાત

- એપ્રિલથી સપ્ટેમ્બર, 2020ના DPIIT દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, ગુજરાતે નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ 6 મહિનામાં 1.19 લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ વિદેશી રોકાણનો 53% હિસ્સો છે.
- નાણાકીય વર્ષ 2019-20માં ગુજરાતના વિદેશી રોકાણમાં 240%નો જંગી વધારો થયો છે, જે ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ છે.
- એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ (ASI) અનુસાર, ઔદ્યોગિક ઉત્પાદનની દષ્ટિએ ગુજરાત ભારતના ઉત્પાદનમાં 17.5% હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે.
- એપ્રિલથી સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો 23%થી વધુ ફાળો છે અને ગુજરાતના બંદરો ભારતના કુલ 40% કાર્ગોનું વ્યવસ્થાપન કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિવિધ રાજ્યોમાં વિદેશી રોકાણ

- એપ્રિલથી સપ્ટેમ્બર, 2020 દરમિયાન વિવિધ રાજ્યોમાં વિદેશી રોકાણ નીચે મુજબ રહયું હતું :

| ક્રમ | રાજ્ય | સીધું વિદેશી રોકાણ (FDI) (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | ગુજરાત | 1,19,566 |
| 2 | કર્ણાટક | 27,458 |
| 3 | મહારાષ્ટ્ર | 27,143 |
| 4 | દિલ્હી | 19,863 |
| 5 | તમિલનાડુ | 7,062 |
| 6 | ઝારખંડ | 5,990 |
| 7 | હરિયાણા | 5,111 |
| 8 | તેલંગાણા | 5,045 |
| 9 | પશ્ચિમ બંગાળ | 1,985 |
| 10 | ઉત્તર પ્રદેશ | 1,680 |

## ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)

- ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) એ કેન્દ્ર સરકારનાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળનો વિભાગ છે.

હેતુ : તે દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ અને પ્રોત્સાહન માટે જવાબદાર વિભાગ છે.

- DPIITએ એકંદરે દેશની ઔદ્યોગિક નીતિ માટે જવાબદાર વિભાગ છે.

## DPIITનો ઈતિહાસ

**DEPARTMENT FOR PROMOTION OF INDUSTRY AND INTERNAL TRADE**
MINISTRY OF COMMERCE & INDUSTRY,
GOVERNMENT OF INDIA
सत्यमेव जयते

- DPIITની સ્થાપના 1995માં કરવામાં આવી હતી અને વર્ષ 2000માં તેમાં ઔદ્યોગિક વિકાસ વિભાગનું જોડાણ કરવામાં આવ્યું હતું.
- 27 જાન્યુઆરી, 2019 સુધી આ વિભાગનું નામ 'Department of Industrial Policy & Promotion (DIPP)' હતું, ત્યારબાદ આ વિભાગનું નામ 'Department for Promotion of Industry and Internal Trade (DPIIT)' કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

એપ્રિલથી સપ્ટેમ્બર, 2020 દરમિયાન સૌથી વધુ સીધું વિદેશી રોકાણ કરનાર દેશ સિંગાપુર હતો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ PRAGATIની બેઠકની વડાપ્રધાનશ્રીએ અધ્યક્ષતા કરી

- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** તાજેતરમાં **33મી PRAGATI (પ્રગતિ)ની બેઠકની અધ્યક્ષતા** કરી હતી.
- પ્રગતિની આ બેઠક દરમિયાન વડાપ્રધાનશ્રીએ 1.41 લાખ કરોડના પ્રોજેકટોની સમીક્ષા કરી હતી. આ તમામ પ્રોજેકટો રેલવે મંત્રાલય, વીજ મંત્રાલય, માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલય તેમજ DPIIT (ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ) વિભાગના હતા.

### PRAGATI (પ્રગતિ) શું છે ?

- **PRAGATI** : **Pro-Active Governance and Timely Implementation.**

હેતુ : તેનો હેતુ **સક્રિય રીતે શાસન અને વિવિધ પ્રોજેક્ટ્સનું સમયસર અમલીકરણ કરવાનો** છે.

શરૂઆત : **2015**માં

- તે એક બહુ ઉદ્દેશીય પ્લેટફોર્મ છે જે સામાન્ય લોકોની ફરિયાદોને દૂર કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- તે ભારત સરકારના પ્રોજેક્ટ્સ પર દેખરેખ અને તેની સમીક્ષા પણ કરે છે.

### પ્રગતિ પ્લેટફોર્મ દ્વારા કઈ તકનીકીઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

- પ્રગતિ પ્લેટફોર્મ દ્વારા 3 વિવિધ તકનીકીઓનો ઉપયોગ કરવામાં આવે છે જે નીચે મુજબ છે :
  - વીડિયો કોન્ફરન્સિંગ
  - ડિજિટલ ડેટા મેનેજમેન્ટ
  - જિઓ–સ્પાશિયલ ટેક્નોલોજી

### PRAGATI પ્લેટફોર્મની મુખ્ય લાક્ષણિકતાઓ

- પ્રગતિએ **ત્રણ સ્તરની સિસ્ટમ** છે જેમાં **પ્રધાનમંત્રી કાર્યાલય**, **ભારત સરકારના સચિવો** અને **વિવિધ રાજ્યોના મુખ્ય સચિવોનો** સમાવેશ થાય છે.
- પ્રગતિ પ્લેટફોર્મ અંતર્ગત વડાપ્રધાનશ્રી માસિક કાર્યક્રમનું આયોજન કરે છે. આ કાર્યક્રમ દરમિયાન તેઓ વિવિધ સચિવો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ કાર્યક્રમ <u>દર મહિનાના ચોથા બુધવારે</u> યોજવામાં આવે છે. આ દિવસ <u>'પ્રગતિ દિવસ'</u> તરીકે ઓળખાય છે. આ દિવસે જાહેર ફરિયાદો, બાકી રહેલાં પ્રોજેક્ટ્સની વિગતો અને કાર્યરત હોય તેવાં પ્રોજેક્ટ્સની માહિતી વડાપ્રધાન સમક્ષ રાખવામાં આવે છે.
- વડાપ્રધાન સમક્ષ રાખવામાં આવતી આ માહિતીઓ વિવિધ પ્રોજેક્ટ્સ મોનિટરીંગ જૂથો અને <u>મિનીસ્ટ્રી ઓફ સ્ટેટીક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન</u> પાસેથી મેળવવામાં આવે છે.

## PRAGATI પ્લેટફોર્મ કોના દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે ?

- <u>પ્રધાનમંત્રી કાર્યાલય</u> દ્વારા <u>નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના સહયોગ</u>થી પ્રગતિ પ્લેટફોર્મની રચના કરવામાં આવી છે.

## PRAGATIના મુખ્ય ઉદ્દેશ્યો

- પ્રગતિના મુખ્ય 3 ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

  (1) ફરિયાદ નિવારણ

  (2) પ્રોજેક્ટ નિરીક્ષણ

  (3) પ્રોજેક્ટ અમલીકરણ

**ICE FACT :**

- પ્રગતિ પ્લેટફોર્મની મદદથી વડાપ્રધાનશ્રીએ અત્યાર સુધી <u>32 મીટિંગોનું</u> આયોજન કર્યું છે. જેમાં <u>275 પ્રોજેક્ટોની સમીક્ષા</u> કરવામાં આવી હતી.
- આ સમીક્ષામાં <u>કુલ 17 ક્ષેત્રોની 47 યોજનાઓ અને કાર્યક્રમોનો સમાવેશ</u> થયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ દીપડા બચાવ અને પુનર્વસન માટે ગુજરાતનો PPP પ્રોજેક્ટ

- ગુજરાતના વન વિભાગ દ્વારા જામનગરના ખાનગી બચાવ અને પુનર્વસન કેન્દ્રમાં 12 જેટલા દીપડાઓને મોકલી આપવામાં આવ્યા હતા.
- માનવ સાથે તકરાર બાદ આ દીપડાઓને પકડવામાં આવ્યા હતા.
- ગુજરાત રાજ્યમાં તેના પ્રકારનો આ પ્રથમ પ્રોજેક્ટ છે.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને ગુજરાત રાજ્ય સરકાર વચ્ચે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) હેઠળ આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે.
- આ દીપડાઓને જૂનાગઢના સક્કર બાગ ઝૂલોજીકલ પાર્ક ખાતેથી જામનગરના ગ્રીન્સ ઝૂઓલોજીકલ રેસ્ક્યૂ એન્ડ રિહેબીલિટેશન કિંગ્ડમ ખાતે સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે.

### ભારતમાં દીપડાની વસતી ગણતરી

- ભારતમાં છેલ્લે દીપડાની ઔપચારિક વસતી ગણતરી 2014માં કરવામાં આવી હતી.
- આ વસતી ગણતરી અનુસાર દેશમાં દીપડાની વસતી 12,000થી 14,000ની વચ્ચે છે.

### ભારતમાં દીપડાનું સંરક્ષણ

- દીપડાઓ ભારતમાં ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, 1972ના શિડ્યુલ 1માં સૂચિબદ્ધ થયેલ છે.
- દીપડાઓ CITESના પરિશિષ્ટ 1માં સમાવિષ્ટ છે.
- તેમજ દીપડાઓને IUCNની રેડ લિસ્ટમાં જોખમમાં મૂકાયેલ જાતિઓમાં 'સંવેદનશીલ' તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

**CITES : Convention on International Trade In Endangered Species of wild Fauna and Flora.**

**IUCN : International union for Conservation of Nature.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ જાપાનનું હાયાબુઝા 2 અવકાશયાન





- જાપાનનું હાયાબુઝા 2 અવકાશયાન એસ્ટેરોઈડ રિયુગુની મુસાફરી કરીને પૃથ્વીની નજીક આવ્યું છે.
- આ અવકાશયાન 6 ડિસેમ્બર, 2020ના રોજ દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં પહોંચશે.
- હાયાબુઝા 2 અવકાશયાનના સમગ્ર ઓપરેશનનું સંચાલન **'JAXA'** દ્વારા કરવામાં આવ્યું હતું. JAXA એ **'જાપાનીઝ એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી'** છે.
- હાયાબુઝા 2 અવકાશયાને રિયુગુ એસ્ટેરોઈડના ભૂગર્ભના નમૂનાઓ પણ એકત્રિત કર્યા છે.
- **એસ્ટેરોઈડના ભૂગર્ભના નમૂનાઓ લાવનાર વિશ્વનું પ્રથમ અવકાશયાન હાયાબુઝા 2 બનશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### હાયાબુઝા 2

- **હાયાબુઝા 2 અવકાશયાન વર્ષ 2014માં** લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ અવકાશયાને રિયુગુ એસ્ટેરોઈડનો દોઢ વર્ષ સુધી સર્વે કર્યો હતો. ત્યારબાદ આ અવકાશયાને એસ્ટેરોઈડના નમૂનાઓ એકત્રિત કર્યા હતા.
- આ મિશન દ્વારા મુખ્યત્વે ગ્રહોની ઉત્ક્રાંતિ વિશે જાણવામાં મદદ મળશે.

### રિયુગુ એસ્ટેરોઈડ

- રિયુગુ એસ્ટેરોઈડ પૃથ્વીથી 300 મિલિયન કિલોમીટરના અંતરે આવેલ છે.
- તે કાર્બનેશિયસ એસ્ટેરોઈડ છે.

### કાર્બનેશિયસ એસ્ટેરોઈડ

- કાર્બનેશિયસ એસ્ટેરોઈડ એ સૂર્યમંડળમાં પ્રાચીન હોવાનું મનાય છે.
- તેમાં વધુ માત્રામાં કાર્બન હોય છે.

ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?<br>(A) 26 નવેમ્બર (B) 27 નવેમ્બર (C) 30 નવેમ્બર (D) 29 નવેમ્બર | (C) |
| 2. | એપ્રિલથી સપ્ટેમ્બર 2020ના સમયગાળા દરમિયાન સૌથી વધુ વિદેશી રોકાણ મેળવનાર ભારતનું કયું રાજ્ય છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) કર્ણાટક (D) દિલ્હી | (B) |
| 3. | ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) એ કેન્દ્ર સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?<br>(A) વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય (B) નાણાં મંત્રાલય<br>(C) રેલવે મંત્રાલય (D) એક પણ નહીં | (A) |
| 4. | એપ્રિલથી સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતમાં સૌથી વધુ સીધુ વિદેશી રોકાણ (FDI) કરનાર દેશ કયો હતો ?<br>(A) અમેરિકા (B) મોરેશિયસ (C) સિંગાપુર (D) UAE | (C) |
| 5. | 'DPIIT' અગાઉ કયા નામે ઓળખાતી હતી ?<br>(A) DIPAM (B) DIPP (C) DIPA (D) DPU | (B) |
| 6. | 'PRAGATI'નું પૂરું નામ જણાવો ?<br>(A) Pro-Active Governance and Timely Implementation<br>(B) Pro-Active Government and Time Investigation<br>(C) Pro-Active Governance and Time to time Investigation<br>(D) Pro-Active Government and Timely Implementation | (A) |
| 7. | 'PRAGATI' પ્લેટફોર્મની શરૂઆત કયા વર્ષે કરવામાં આવી છે ?<br>(A) 2013 (B) 2015 (C) 2017 (D) 2016 | (B) |
| 8. | 'પ્રગતિ દિવસ' તરીકે કયો દિવસ ઓળખાય છે ?<br>(A) દર મહિનાનો ચોથો ગુરૂવાર (B) દર મહિનાનો ચોથો શુક્રવાર<br>(C) દર મહિનાનો ત્રીજો બુધવાર (D) દર મહિનાનો ચોથો બુધવાર | (D) |
| 9. | તાજેતરમાં કયા રાજ્યમાં દીપડા બચાવ અને પુનર્વસન માટે PPP પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો હતો ?<br>(A) મધ્યપ્રદેશ (B) ઝારખંડ (C) ગુજરાત (D) કર્ણાટક | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**10.** દીપડા બચાવ અને પુનર્વસન માટે ગુજરાતના PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનશીપ) અંતર્ગત દીપડાઓને જૂનાગઢથી કયાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા ?

(A) કચ્છ (B) સુરત (C) અમદાવાદ (D) જામનગર **(D)**

**11.** હાયાબુઝા 2 અવકાશયાન કયા દેશનું છે ?

(A) અમેરિકા (B) દક્ષિણ કોરિયા (C) ચીન (D) જાપાન **(D)**

**12.** જાપાનનું હાયાબુઝા 2 અવકાશયાન કયા એસ્ટેરોઈડની મુસાફરી કરીને પૃથ્વીની નજીક આવ્યું હતું ?

(A) રિયુગુ (B) સિરિસ (C) વેસ્ટ (D) પલ્લાસ **(A)**




**1 DECEMBER, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 1 ડિસેમ્બર, વિશ્વ એઈડ્સ દિવસ




- સમગ્ર વિશ્વમાં એઈડ્સ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઈ.સ. 1988થી વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વિશ્વ એઈડ્સ દિવસનો સિમ્બોલ 'રેડ રિબિન' છે. જે HIV પોઝિટીવ તથા એઈડ્સ ધરાવતા લોકો સાથે એકતા માટેનું વૈશ્વિક પ્રતિક છે.
- એઈડ્સ HIV (Human Immunodeficiancy Virus) ચેપ લાગવાથી થતો રોગ છે.
- નોંધનીય છે કે ભારતમાં એઈડ્સનો પ્રથમ કેસ વર્ષ 1986માં સામે આવ્યો હતો.
- વિશ્વ એઈડ્સ દિવસ 2020ની થીમ – 'Global Solidarity, Resilient HIV Services'. ભારતમાં એઈડ્સ અંગે જાગૃતિ લાવવા માટે 'NACO' (નેશનલ એઈડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન) સંસ્થા કાર્યરત છે.
- દર વર્ષે નવેમ્બરનો અંતિમ સપ્તાહ 'એઈડ્સ જાગૃતિ સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે. AIDS : Acquire Immuno Deficiency Syndrome
- એઈડ્સ માટે હેલ્પલાઈન નંબર-1097

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ SCOનું 19મું શિખર સંમેલન

- શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના 19માં શિખર સંમેલનમાં ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુએ હાજરી આપી હતી.
- ભારતના યજમાનપદે સૌપ્રથમ વખત આ સંમેલનનું આયોજન વર્ચ્યુઅલ રીતે કરવામાં આવ્યું હતું.
- ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુના નેતૃત્વમાં આ સંમેલન દરમિયાન બૌદ્ધ હેરિટેજ (વારસો) પર પ્રથમ વખત SCO ઓનલાઈન પ્રદર્શન શરૂ કરાયું હતું.

## શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)

રચના : <u>2001</u>

મુખ્યમથક : <u>બેઈજિંગ (ચીન)</u>

સભ્યદેશો : <u>કુલ 8 સભ્યદેશો</u>

- <u>ચીન, ભારત, કઝાખસ્તાન, કિર્ગીસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન</u>

નિરીક્ષક દેશો : <u>કુલ 4 દેશો</u>

- અફઘાનિસ્તાન, બેલારૂસ, ઈરાન, મોંગોલિયા
- <u>'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન'</u> અથવા <u>'શાંઘાઈ સંધિ'</u> એક <u>યુરેશિયન રાજકીય, આર્થિક</u> અને <u>સુરક્ષા જોડાણ</u> સંધિ છે જેની જાહેરાત <u>શાંઘાઈ</u> ખાતે <u>15 જૂન, 2001</u>ના રોજ કરવામાં આવી હતી.
- SCOની પુરોગામી સંસ્થા <u>'શાંઘાઈ ફાઈવ ગ્રૂપ'</u> હતી. શાંઘાઈ ફાઈવ ગ્રૂપની <u>સ્થાપના 26 એપ્રિલ, 1996</u>ના રોજ થઈ હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતને SCOમાં સભ્યપદ

- <u>9 જૂન, 2017</u>ના રોજ <u>કઝાખસ્તાનની 'અસ્તાના સમિટ'</u> દરમિયાન <u>ભારત અને પાકિસ્તાનને SCOના પૂર્ણસભ્ય તરીકે સામેલ કરાયા</u> હતા.




## ➤ IEEE દ્વારા જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (GMRT)ને 'માઈલસ્ટોન'નો દરજ્જો આપવામાં આવ્યો

- પૂણે સ્થિત જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ ઓબ્ઝર્વેટરીને 'માઈલસ્ટોન'નો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- GMRTને આ દરજ્જો તેની તકનીકી સિદ્ધિઓ, સેવાઓ, તેનું અનન્ય ઉત્પાદન, પેટન્ટ અને માનવતાને લાભ પહોંચાડતા તેના લક્ષ્યોને કારણે આપવામાં આવ્યો હતો.

### IEEE દ્વારા અગાઉ ભારતને મળેલ 'માઈલસ્ટોન' દરજ્જાઓ

- નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝીકસ અનુસાર GMRTને મળેલ આ ઉપલબ્ધિ ભારત માટે ત્રીજા નંબરની છે.
- અગાઉ જગદીશચંદ્ર બોઝને અને ચંદ્રશેખર વેંકટ રામનને IEEE દ્વારા 'માઈલસ્ટોન' દરજ્જો આપવામાં આવ્યો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (GMRT)

- તે ત્રીસ જેટલા ચારે બાજુ ફેરવી શકાય તેવા પરવલયાકારના રેડિયો ટેલિસ્કોપોની શ્રેણી છે.
- દરેક રેડિયો ટેલિસ્કોપ 45 મીટર વ્યાસનો હોય છે અને આ તમામ રેડિયો ટેલિસ્કોપનું સંચાલન નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ દ્વારા કરવામાં આવે છે.
- GMRT એ મુંબઈમાં આવેલ ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચનો એક ભાગ છે.
- આ ટેલિસ્કોપ વર્ષ 1984થી 1996ની વચ્ચે પ્રોફેસર ગોવિંદ સ્વરૂપના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યું હતું.

### GMRTનો ઉદ્દેશ

- GMRTનો ઉદ્દેશ અત્યંત રેડ શિફ્ટ 21-લાઈન વિકિરણની શોધ કરવાનો છે.
- આ વિકિરણો પ્રાચીન તટસ્થ હાઈડ્રોજન વાદળોમાંથી ઉત્સર્જિત થાય છે.
- આ વિકિરણોની મદદથી બ્રહ્માંડની રચનાના યુગોને નિર્ધારિત કરવામાં મદદ મળશે.

## IEEE માઈલસ્ટોન સ્ટેટસ

- ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગની નોંધપાત્ર સિદ્ધિઓના સન્માન માટે આ પ્રોગ્રામની શરૂઆત વર્ષ 1983માં કરવામાં આવી હતી.

**ICE FACT :**

- **IEEE : Institute of Electrical and Electronics Engineers.**
- જગદીશચંદ્ર બોઝને **'વાયરલેસ કમ્યુનિકેશનના પિતા'** માનવામાં આવે છે.

## ➤ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનો 'સહકાર પ્રજ્ઞા' કાર્યક્રમ

- **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે** તાજેતરમાં **'સહકાર પ્રજ્ઞા'** કાર્યક્રમની શરૂઆત કરી હતી.
- આ પહેલની મદદથી દેશની પ્રાથમિક સહકારી મંડળીઓને તાલીમ આપવામાં આવશે.
- તેમાં **નેશનલ કોઓપરેટીવ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NCDC)**ના **45 નવા તાલીમ મોડ્યુલોનો સમાવેશ** કરાયો છે.
- તે **18 પ્રાદેશિક તાલીમ કેન્દ્રો**ના નેટવર્ક દ્વારા NCDCની તાલીમ ક્ષમતામાં વધારો કરશે.

## સહકાર પ્રજ્ઞા વિશે

- આ કાર્યક્રમનો પ્રારંભ **કૃષિ અને ખેડૂત મંત્રાલયના કેન્દ્રીય મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર** દ્વારા કરવામાં આવ્યો હતો.
- સહકાર પ્રજ્ઞા પહેલ અંતર્ગત, **45 તાલીમ મોડ્યુલો LINAC** ખાતે આપવામાં આવશે.
- **LINAC** : લક્ષ્મણરાવ ઈનામદાર નેશનલ એકેડેમી ફોર કોઓપરેટિવ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ.
- **LINACએ NCDC અંતર્ગત કાર્યરત** છે.
- આ **45 તાલીમ મોડ્યુલો નીચેની યોજનાઓ દ્વારા સમર્થિત** છે :
  - **10,000 ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ,**
  - **એગ્રી ઈન્ફ્રા ફંડ સ્કિમ,**
  - **પ્રાઈમ મિનિસ્ટર ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈજિસ (PM FME),**
  - **ડેરી ઈન્ફ્રા દેવ ફંડ સ્કિમ,**
  - **ફિશરીઝ ઈન્ફ્રા દેવ ફંડ સ્કિમ**
  - **પીએમ મત્સ્ય સંપદા યોજના**
  - **ગ્રામીણ વિકાસ મંત્રાલયની યોજનાઓ**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ કોઓપરેટીવ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NCDC)

સ્થાપના : 13 માર્ચ, 1963

મુખ્યમથક : નવી દિલ્હી

પૈતૃક વિભાગ : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

- રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)એ વૈધાનિક સંસ્થા છે.
- NCDCએ કૃષિ પેદાશોની પ્રક્રિયા, ઉત્પાદન, માર્કેટિંગ, સંગ્રહ, આયાત અને નિકાસ માટેના કાર્યક્રમોની યોજના અને વિવિધ પ્રોત્સાહન માટે બનાવવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(A)**

2. 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી માટે કયા રંગની રિબિન સિમ્બોલ છે ?
(A) ગુલાબી (B) લાલ (C) પીળા (D) લીલા **(B)**

3. 'વિશ્વ એઈડ્સ દિવસ 2020'ની થીમ જણાવો ?
(A) Global Pandemic, Shared Responsibility
(B) Global Solidarity, resilient HIV Service
(C) Global resilient Against HIV
(D) Global Solidarity for HIV. **(B)**

4. SCOના સંદર્ભે ખોટું વિધાન જણાવો ?
(A) તાજેતરમાં SCOનું 19મું શિખર સંમેલન વર્ચ્યુઅલ રીતે મળ્યું હતું.
(B) ભારતના યજમાનપદે સૌપ્રથમ વખત SCOનું 19મું શિખર સંમેલન મળ્યું હતું.
(C) SCOના વર્તમાનમાં સભ્યદેશો–8, નિરીક્ષક દેશો–4
(D) ભારત વર્ષ 2015માં SCOનું પૂર્ણકાલિન સદસ્ય બન્યું હતું. **(D)**

5. તાજેતરમાં ભારતના કયા રેડિયો ટેલિસ્કોપને IEEE દ્વારા 'માઈલસ્ટોન'નો દરજ્જો આપવામાં આવ્યો હતો ?
(A) ઊટી રેડિયો ટેલિસ્કોપ (B) ગૌરી બિદાનૂર રેડિયો ઓબ્ઝર્વેટરી
(C) જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ (D) કુનમિંગ રેડિયો ટેલિસ્કોપ **(C)**

6. નીચેના પૈકી કોને IEEE દ્વારા 'માઈલસ્ટોન'નો દરજ્જો મળેલ નથી ?
(A) જગદીશચંદ્ર બોઝ (B) ચંદ્રશેખર વેંકટ રામન
(C) GMRT (D) મેઘનાથ સાહા **(D)**

7. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં 'સહકાર પ્રજ્ઞા' કાર્યક્રમ શરૂ કર્યો હતો.
(B) LINAC એ NCDC અંતર્ગત કાર્યરત છે.
(C) NCDC એ વૈધાનિક સંસ્થા છે.
(D) રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમનો પૈતૃક વિભાગ ગ્રામીણ વિકાસ મંત્રાલય છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 2 DECEMBER, 2020 WEDNESDAY

➤ દિવસ મહિમા : 2 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ (National Pollution Control Day)
(2) ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the Abolition of Slavery)
(3) વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ (World Computer Literacy day)

### રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન

- ભારતમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- મધ્યપ્રદેશના ભોપાલમાં 2 અને 3 ડિસેમ્બર, 1984ના રોજ થયેલી ગેસ દુર્ઘટનામાં હજારો લોકોના મૃત્યુ થયા હતા.
- ભોપાલની યૂનિયન કાર્બાઈડ (યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડ-UCIL) નામની જંતુનાશક દવાઓ બનાવતી કંપનીમાંથી મિથાઈલ આઈસો સાઈનેટ(MIC) નામનું ઝેરી રસાયણ લીક થવાથી આ દુર્ઘટના ઘટી હતી.
- આ દુર્ઘટનાને વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઔદ્યોગિક આપત્તિ માનવામાં આવે છે.
- આથી, ભારતમાં ઔદ્યોગિક આપત્તિના વ્યવસ્થાપન અને નિયંત્રણ તથા પ્રદૂષણ અંગે લોક જાગૃતિ કેળવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### ભારતમાં કયા કાયદા છે જે દેશમાં પ્રદૂષણ અટકાવે છે અને નિયંત્રિત કરે છે ?

- ભારતની કેન્દ્ર સરકારે પ્રદૂષણને નિયંત્રિત કરવા અને અટકાવવા માટે ઘણાં નિયમો લાગુ કર્યા છે જેઓ નીચે મુજબ છે :
- પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, 1986
- પર્યાવરણ સુરક્ષા નિયમો, 1986

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- એર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ પોલ્યુશન એક્ટ, 1981
- વોટર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ પોલ્યુશન એક્ટ, 1977
- એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ, 2006
- મ્યુનિસિપાલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ, 2000
- નોઈસ પોલ્યુશન રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ રૂલ્સ, 2000
- બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ, 1998
- નેશનલ એન્વાયર્નમેન્ટ ટ્રીબ્યુનલ એક્ટ, 1995

## સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPCB)

રચના : 22 સપ્ટેમ્બર, 1974

- સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPCB)એ મિનીસ્ટ્રી ઓફ એન્વાયર્નમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ અંતર્ગત કાર્યરત વૈધાનિક સંસ્થા છે.
- તેની સ્થાપના જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 હેઠળ કરવામાં આવી હતી.
- CPCBને હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ, 1981) હેઠળ સત્તાઓ અને કાર્યો પણ સોંપવામાં આવ્યા છે.
- CPCBના ચેરમેનની નિમણૂક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવે છે.

## ➤ મેઘાણીની નવલકથા 'વેવિશાળ'નો રશિયન-ચીની ભાષામાં અનુવાદ

- ભારત સરકારની સાહિત્ય અકાદમી દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી લિખિત લોકપ્રિય નવલકથા 'વેવિશાળ'ને અર્વાચીન ભારતીય સાહિત્યની 10 મહાન કૃતિઓમાં પસંદ કરવામાં આવી હતી.
- નવલકથા 'વેવિશાળ'ને રશિયન અને ચાઈનીઝ ભાષામાં અનુવાદિત કરીને તેની આવૃત્તિ પ્રગટ કરવામાં આવી હતી.
- જૂન 2019માં કઝાકિસ્તાનની રાજધાની બિશ્કેકમાં યોજાયેલ શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલનમાં ભારતીય સાહિત્યની 10 મહાન કૃતિઓનો રશિયન અને ચાઈનીઝ ભાષામાં અનુવાદ કરીને પ્રકાશિત કરવામાં આવશે તેવી ઘોષણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- વેવિશાળ નવલકથાનો અંગ્રેજી તેમજ ફ્રેન્ચ ભાષામાં પણ અનુવાદ થયેલ છે.

## ➤ ઉતાહ અને રોમાનિયામાં મોનોલિથ્સ મળી આવ્યા

- મોનોલિથ્સએ **પથ્થરનો મોટો સિંગલ સ્ટેન્ડિંગ બ્લોક** છે.
- યુ.એસ.માં આવેલા ઉતાહના એક દૂરસ્થ નિર્જન રણમાં તાજેતરમાં એક રહસ્યમય મોનોલિથ મળી આવી હતી. તેના થોડાં જ દિવસ બાદ રોમાનિયામાં પણ આવી એક મોનોલિથ મળી આવી હતી.

### ઉતાહમાં મળી આવેલ મોનોલિથ

- ઉતાહમાં મળી આવેલ મોનોલિથ 9.5 ફૂટ ઊંચી છે.
- તે ત્રિકોણાકાર પ્રિઝમના આકારની હતી.
- તેને લાલરેતીના પથ્થરમાં સ્થાપિત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રોમાનિયામાં મળી આવેલ મોનોલિથ

- આ મોનોલિથની ઊંચાઈ 13 ફૂટની છે.
- તે કાચ જેવી સપાટી ધરાવે છે.

### ભારતમાં મળી આવેલ વિવિધ મોનોલિથ

- ભારતમાં મળી આવેલ વિવિધ મોનોલિથ્સ નીચે મુજબ છે :
- **બેલ્લારી કિલ્લો** : તે **વિજયનગર સામ્રાજ્યના હનુમપ્પા નાયક** દ્વારા બાંધવામાં આવ્યો હતો. **તેમજ તેનો નીચેનો કિલ્લો હૈદરઅલી** દ્વારા બાંધવામાં આવ્યો હતો.
- **ભોંગીર અથવા ભુવનગિરિ** : તે **તેલંગાણા રાજ્યમાં** સ્થિત છે.
- તે **ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય છઠ્ઠા** દ્વારા બાંધવામાં આવ્યો હતો.
- મધુગિરિ : તે **કર્ણાટકના તુમ્કુરમાં સ્થિત** છે.
- **કૈલાસ મંદિર, ઈલોરા ગુફાઓ (મહારાષ્ટ્ર)** :
  - તેમાં હિંદુ, બૌદ્ધ અથવા જૈન મંદિરો અને મઠોનો સમાવેશ થાય છે.
  - તેમાંના મોટા ભાગના મંદિરનું નિર્માણ **રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ-I** દ્વારા કરાયું હતું.
  - કેટલાક અન્ય ભાગો ચાલુક્ય અને પલ્લવ દ્વારા બાંધવામાં આવ્યા હતા.

## ભારતના અન્ય મોનોલિથ્સ

- કર્ણાટકનું સાવનદર્ગા
- કર્ણાટકનું યાના
- મુંબઈનું ગિલ્બર્ટ હીલ

## ➤ ચીન અને પાકિસ્તાન વચ્ચે નવી લશ્કરી ડીલ થઈ

- 30 નવેમ્બર, 2020ના રોજ પીપલ્સ લિબરેશન આર્મીના જનરલ વેઈ ગેંઘેએ રાવલપિંડી સ્થિત પાકિસ્તાની સેનાના મુખ્યાલયની મુલાકાત લીધી હતી.
- આ બેઠક દરમિયાન બંને દેશોએ તેમની પ્રાદેશિક સુરક્ષા, પારસ્પરિક હિત અને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ વધારવા બાબતે ચર્ચાઓ કરી હતી.
- તેઓએ **'ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર'** વિશે પણ ચર્ચાઓ કરી હતી.

## ચીન - પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)

- તે ચીનના, **'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટીવ (BRI)'** પહેલના મુખ્ય પ્રોજેક્ટ્સમાં સમાવિષ્ટ છે.
- શરૂઆત : **22 મે, 2013**
- ચીન–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર **3000 કિલોમીટર લાંબો** છે તેમાં **રેલવે, હાઈવે અને પાઈપલાઈન**નો સમાવેશ થાય છે.
- ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ના ફ્રેમવર્ક હેઠળ **ચીન પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (POK)માં કોહલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ** સ્થાપશે.
- કોહલા હાઈડ્રો પાવર પ્રોજેક્ટ **ઝેલમ નદી** પર બનાવવામાં આવનાર છે જે **1,124 મેગાવોટ** જેટલી સ્થાપિત ક્ષમતા ધરાવતો હશે.
- **રેલવે અને હાઈવે નેટવર્ક દ્વારા પાકિસ્તાનના ગ્વાદર બંદરને ચીનના ઝિનજિયાંગ પ્રાંત** સાથે જોડવાનું CPECનું લક્ષ્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ યુ. એસ. એર કવોલિટી ઈન્ડેક્સ જાહેર થયો

- તાજેતરમાં જારી થયેલા યુ.એસ. એર કવોલિટી ઈન્ડેક્સ અનુસાર, <u>લાહોર ફરી એકવાર વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં ટોચ</u> પર રહ્યું છે.

**યુ.એસ. એર કવોલિટી ઈન્ડેક્સ અનુસાર વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો**

| ક્રમ | શહેર | દેશ | પ્રદૂષણની માત્રા (Particulate Matterમાં) |
|---|---|---|---|
| 1 | લાહોર | પાકિસ્તાન | 423 |
| 2 | નવી દિલ્હી | ભારત | 229 |
| 3 | કાઠમંડુ | નેપાળ | 178 |

### એર કવોલિટી ઈન્ડેક્સ શું છે ?

- એર કવોલિટી ઈન્ડેક્સએ દૈનિક ધોરણે હવાની ગુણવત્તાની જાણ કરે છે.
- વાયુ પ્રદૂષણ આસપાસના લોકોના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે તે માપવામાં આ સૂચકાંક મદદ કરે છે.

### એર કવોલિટી ઈન્ડેક્સ માપતા મુખ્ય પાંચ પ્રદૂષકો

- વાયુ પ્રદૂષણ માપવાના મુખ્ય પાંચ પ્રદૂષકો નીચે મુજબ છે :

1. ગ્રાઉન્ડ લેવલ ઓઝોન
2. સલ્ફર ડાયોકસાઈડ (SO2)
3. કાર્બન મોનોકસાઈડ (CO)
4. નાઈટ્રોજન ડાયોકસાઈડ (NO2)
5. પાર્ટિકયુલેટ મેટર (PM)

**કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા સૂચિત હવાની ગુણવત્તાની શ્રેણીઓ**

| એર કવોલિટી ઈન્ડેક્સ | શ્રેણી |
|---|---|
| 0-50 | સારી (Good) |
| 51-100 | સંતોષકારક (Satisfactory) |
| 101-200 | મધ્યમ પ્રદૂષિત (Moderately Polluted) |
| 201-300 | નબળી (Poor) |
| 301-400 | ખૂબ નબળી (Very Poor) |
| 401-500 | ગંભીર (Servere) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ હોર્નબિલ ફેસ્ટિવલ

- હોર્નબિલ ફેસ્ટિવલને **'તહેવારોનો તહેવાર'** કહેવામાં આવે છે.
- હોર્ન બિલ એ **નાગાલેન્ડનો 10 દિવસીય વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ** છે. જેમાં લોકનૃત્યો, પરંપરાગત સંગીત, સ્થાનિક રાંધણકળા, હસ્તકળા વગેરેનું નાગા જાતિના લોકો દ્વારા પ્રદર્શન કરવામાં આવે છે.
- વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે **હોર્નબિલ તહેવારની 21મી આવૃત્તિનું આયોજન ડિજિટલી** કરવામાં આવ્યું હતું.
- આ તહેવારનું નામ **ભારતીય હોર્નબિલ પક્ષી** પર રાખવામાં આવેલ છે. કારણ કે આ પક્ષી નાગાલેન્ડ રાજ્યના મોટાભાગના આદિવાસીઓની લોકકથાઓમાં પ્રદર્શિત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE ? Questions

1. 2 ડિસેમ્બરના રોજ કયો દિવસ ઉજવવામાં આવતો નથી ?
   (A) રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન
   (B) ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ
   (C) વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ
   (D) વિશ્વ એઈડ્સ દિવસ **(D)**

2. ભોપાલ ગ્રેસ દુર્ઘટનામાં કયું ઝેરી રસાયણ જવાબદાર હતું ?
   (A) પોટેશિયમ સાયનાઈડ (B) મિથાઈલ આઈસોસાઈનેટ
   (C) ઈથાઈલ આઈસોસાઈનેટ (D) પ્રોપાઈલ આઈસોસાઈનેટ **(B)**

3. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPCB)એ કેવી સંસ્થા છે ?
   (A) અવૈધાનિક સંસ્થા (B) વૈધાનિક સંસ્થા
   (C) અર્ધ–ન્યાયિક સંસ્થા (D) એક પણ નહીં **(B)**

4. તાજેતરમાં ઝવેરચંદ મેઘાણીની કઈ નવલકથાનો રશિયન તથા ચીની ભાષામાં અનુવાદ થયો હતો ?
   (A) સૌરાષ્ટ્રની રસધાર (B) માણસાઈનાં દીવા
   (C) વેવિશાળ (D) સિંધુડો **(C)**

5. 'મોનોલિથ' એટલે શું ?
   (A) પથ્થરનો મોટો સિંગલ સ્ટેન્ડિંગ બ્લોક (B) વિવિધ ધાતુઓનું મિશ્રણ
   (C) એક પ્રકારની કાષ્ઠકલા (D) મહેલોનો એક પ્રકાર છે. **(A)**

6. 'કોહલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ' કઈ નદી પર નિર્માણ પામશે ?
   (A) રાવી (B) સતલુજ (C) સિંધુ (D) ઝેલમ **(D)**

7. યુ.એસ. એર ક્વોલિટી ઈન્ડેક્સ અનુસાર ભારતનું કયું શહેર સૌથી વધુ પ્રદૂષિત છે ?
   (A) નોઈડા (B) નવી દિલ્હી (C) ખડગપુર (D) કોલકાતા **(B)**

8. હોર્નબિલ ફેસ્ટિવલ એ કયા રાજ્યનો સાંસ્કૃતિક તહેવાર છે ?
   (A) આસામ (B) મિઝોરમ (C) ત્રિપુરા (D) નાગાલેન્ડ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**3 DECEMBER, 2020 THURSDAY**

## ➢ દિવસ મહિમા : 3 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ (International Day Persons with Disabilities)

- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 3 ડિસેમ્બરના રોજ 'વિશ્વ વિકલાંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ શારીરિક તથા માનસિક રીતે અક્ષમ વ્યકિતઓ પ્રત્યેના સમાજના વલણમાં બદલાવ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1992થી આ દિવસ ઉજવવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2020ની વિશ્વ વિકલાંગ દિવસની થીમ 'Building Back Better : toward a disability - Inclusive, accessible and Sustainable Post COVID-19 world'.

## ➢ એન. કે. પટેલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડિયાના નેશનલ પ્રેસિડેન્ટનો પદભાર સંભાળ્યો

- અમદાવાદના ટાઉન પ્લાનર અને અગ્રણી ડેવલપર એન. કે. પટેલે ટાઉન પ્લાનર્સની ટોચની સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડિયા (ITPI)ના નેશનલ પ્રેસિડેન્ટ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો.
- છેલ્લા 48 વર્ષમાં ગુજરાતમાંથી આ સંસ્થામાં ચૂંટાઈ આવનાર તેઓ પ્રથમ હોદ્દેદાર છે.
- ગાંધીનગર શહેરની ડિઝાઈન તૈયાર કરનાર એચ. કે. મેવાડા વર્ષ 1972માં આ સંસ્થાના હોદ્દેદાર તરીકે ચૂંટાયેલા ગુજરાતના છેલ્લાં ટાઉન પ્લાનર હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ C32 LH2 પ્રોપેલન્ટ ટેન્ક

- C32 LH2 એ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસિત સૌથી મોટી કાયોજેનિક પ્રોપેલન્ટ ટેન્ક છે.
- આ ટેન્ક તાજેતરમાં ISROને આપવામાં આવી હતી.
- તે ઈસરોની જિઓસિન્ક્રોનસ સેટેલાઈટ લોન્ચ વિહીકલ માર્ક III (GSLV MK III)ની પેલોડ ક્ષમતાને 4 ટનથી 6 ટન સુધી વધારવા માટે બનાવવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## C32 LH2 ટેન્ક વિશે

- તે એલ્યુમિનિયમ જેવી હલકી ધાતુઓના મિશ્રણથી બનાવેલ ક્રાયોજેનિક પ્રોપેલન્ટ ટેન્ક છે.
- આ ટેન્ક 5,755 કિલોગ્રામ પ્રોપેલન્ટ ફ્યુઅલ લોડ કરી શકે છે.
- હાલમાં, ભારત ભારે સંચાર ઉપગ્રહો (5થી 6 ટનનાં)ને લોન્ચ કરવા માટે ફ્રેન્ચ ગુયાના પર નિર્ભર છે. C32 LH2 ટેન્કની મદદથી ભારત આ ક્ષેત્રમાં 'આત્મનિર્ભરતા' પ્રાપ્ત કરી શકશે.

## ક્રાયોજેનિક ફ્યુઅલ્સ શું છે ?

- ક્રાયોજેનિકનો અર્થ નીચુ તાપમાન થાય છે.
- ક્રાયોજેનિક ઈંધણએ એવા ઈંધણ હોય છે જેને અત્યંત નીચા સ્ટોરેજ તાપમાનની જરૂર હોય છે.
- સામાન્ય રીતે ક્રાયોજેનિક એન્જિન પ્રવાહી હાઈડ્રોજનને બળતણ તરીકે અને પ્રવાહી ઓકિસજનને ઓકિસડાઈઝર તરીકે ઉપયોગ કરે છે.

**ICE FACT :**

ભારતે રશિયા પાસેથી ક્રાયોજેનિક ટેક્નોલોજી મેળવી હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ચાઈલ્ડ-ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન

- 'નેશનલ કમિશનર ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) દ્વારા આપવામાં આવેલ માર્ગશર્દિકા મુજબ તાજેતરમાં પૂણેમાં 'ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન'ની સ્થાપના કરવામાં આવી હતી.
- આ પોલીસ સ્ટેશન બાળકોમાં ચારિત્ર્ય નિર્માણ તરફ કામ કરશે અને બાળકોમાં એવી સમજણ પેદા કરશે કે પોલીસ દુશ્મન નહીં પણ લોકોના મિત્રો છે.
- તેનો હેતુ કિશોર ગુનાઓ અટકાવવાનો છે અને બાળ સુધારણા તરફ ધ્યાન આપવાનો છે.
- બાળકો માટે અલગ રૂમ બનાવવામાં આવ્યો છે જયાં બાળકો ભય વગર ફરિયાદ નોંધાવી શકે છે.
- ચાઈલ્ડ–ફ્રેન્ડલી પોલીસ સ્ટેશનની સ્થાપના 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ'ના નિયમોના દાયરામાં રહીને કરવામાં આવી છે.

## જુવેનાઈલ જસ્ટિસ એક્ટ (કિશોર ન્યાય અધિનિયમ)

- જુવેનાઈલ જસ્ટિસ એક્ટ દરેક જિલ્લામાં **જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સ્થાપવાનું ફરજિયાત** બનાવે છે.
- આ એક્ટ હેઠળ **સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટીને વૈધાનિક બોડીનો દરજ્જો** આપવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ હેઠળ બિન–સરકારી સંસ્થાઓ (NGOs) અથવા રાજ્ય સરકારો દ્વારા સંચાલિત ચાઈલ્ડ કેર સંસ્થાઓને નોંધણી કરાવવી ફરજિયાત છે.

## જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ

- તે એક ન્યાયતંત્રની સંસ્થા છે જેમાં અપરાધી બાળકોને લાવવામાં આવે છે.
- કિશોરો માટે તે અલગ કોર્ટ છે.
- તેમાં **જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ** અને **બે સામાજિક કાર્યકરોનો** સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જુવેનાઈલ (કિશોર) કોણ ગણાય છે

- ભારતમાં કિશોર **18 વર્ષથી ઓછી ઉંમરના** વ્યક્તિને ગણવામાં આવે છે.
- ભારતીય કાયદા મુજબ સાત વર્ષથી ઓછી ઉંમરના બાળકને કોઈપણ કાયદા હેઠળ કોઈપણ ગુના માટે દોષિત ઠેરવી શકાય નહીં.

## ➤ 100 ઓકટેન પેટ્રોલ શું છે ?

- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન** દ્વારા તાજેતરમાં **પ્રથમ 100 ઓકટેન પેટ્રોલ** શરૂ કરાયું હતું.
- ભારતમાં **પ્રથમ વખત 100 ઓકટેન ફ્યુઅલ લોન્ચ** કરવામાં આવ્યું છે.
- **ઉત્તરપ્રદેશ**માં સ્થિત **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની મથુરા રિફાઈનરીમાં** આ ફ્યુઅલનું ઉત્પાદન કરાયું હતું.

## 100 ઓકટેન પેટ્રોલ

- 100 ઓકટેન પેટ્રોલનો ઉપયોગ સામાન્ય રીતે **લકઝરી વાહનોમાં** થાય છે.
- તે **જર્મની**, **યુનાઈટેડ સ્ટેટ્સ**, **ગ્રીસ**, **મલેશિયા**, **ઈન્ડોનેશિયા** અને **ઈઝરાયેલ** જેવા **વિશ્વના 6 દેશોમાં** જ ઉપલબ્ધ છે.
- 100 ઓકટેન ઈંધણ સામાન્ય રીતે **રેસના વાહનોમાં** વપરાય છે.

## ભારતમાં ઓકટેન ગ્રેડ

| ભારતમાં વિવિધ શ્રેણીઓ | પેટ્રોલનો પ્રકાર |
|---|---|
| 87 ઓકટેન પેટ્રોલ | રેગ્યુલર પેટ્રોલ |
| 89 ઓકટેન પેટ્રોલ | મિડ–ગ્રેડ પેટ્રોલ |
| 91-94 ઓકટેન પેટ્રોલ | પ્રિમિયમ પેટ્રોલ |




## ICE ? Questions

1. 'વિશ્વ વિકલાંગ દિન' કયારે ઉજવવામાં આવે છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(C)**

2. તાજેતરમાં કયા ગુજરાતના વ્યકિતની ઈન્સ્ટિટયૂટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડિયાના નેશનલ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી ?
(A) શ્રી એચ. કે. મેવાડા (B) શ્રી એન. કે. પટેલ
(C) શ્રી બી. એમ. પટેલ (D) શ્રી એચ. એલ. શાહ **(B)**

3. ગાંધીનગર શહેરની ડિઝાઈન કોણે તૈયાર કરી હતી ?
(A) શ્રી એચ. કે. મેવાડા (B) શ્રી એન. કે. પટેલ
(C) શ્રી બી. એમ. પટેલ (D) શ્રી એચ. એલ. શાહ **(A)**

4. C32 LH2 પ્રોપેલન્ટ ટેન્ક કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
(A) DRDO (B) BARC (C) HAL (D) NALCO **(C)**

5. ભારતે ક્રાયોજેનિક ટેક્નોલોજી કયા દેશ પાસેથી મેળવી છે ?
(A) અમેરિકા (B) ઈઝરાયેલ (C) જાપાન (D) રશિયા **(D)**

6. તાજેતરમાં ભારતમાં કયા સ્થળે ચાઈલ્ડ–ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવ્યું હતું ?
(A) મુંબઈ (B) થાણે (C) પૂણે (D) વિશાખાપટ્ટનમ **(C)**

7. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં કોનો સમાવેશ થાય છે ?
(A) જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (B) બે સામાજિક કાર્યકરો
(C) (A) અને (B) બંનેનો (D) (A) સાચુ, (B) ખોટું **(C)**

8. તાજેતરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા પ્રથમ 100 ઓકટેન પેટ્રોલ શરૂ કરાયું હતું આ ફયુઅલનું કઈ રિફાઈનરીમાં ઉત્પાદન કરાયું હતું ?
(A) કાનપુર રિફાઈનરી (B) મથુરા રિફાઈનરી
(C) લખનૌ રિફાઈનરી (D) સાલેમ રિફાઈનરી **(B)**

9. રેગ્યુલર પેટ્રોલ કેટલો ઓકટેન આંક ધરાવે છે ?
(A) 80 (B) 87 (C) 91 (D) 95 **(B)**

10. HAL દ્વારા તાજેતરમાં C32 LH2 પ્રોપેલન્ટ ટેન્ક બનાવવામાં આવી હતી આ ટેન્ક કોને સોંપવામાં આવી હતી ?
(A) DRDO (B) ISRO (C) BARC (D) SAC **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 4 DECEMBER, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 4 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય નૌસેના દિન (2) બેંકોનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Banks)

- ભારતમાં નૌકાદળની સિદ્ધિઓની યાદમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળની મિસાઈલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલા શકિતશાળી હુમલાની યાદમાં તથા આ યુદ્ધના તમામ શહીદોના માનમાં ભારતમાં 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની રાષ્ટ્રીય નૌસેના દિવસની થીમ–'Indian Navy Combat Ready, Credible and Cohesive.' (ભારતીય નૌકાદળની લડાઈ તૈયાર છે, વિશ્વસનીય અને સુસંગત)
- આ થીમ સ્પષ્ટ સંદેશ આપે છે કે ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની ગતિવિધિઓ પર નજર રાખી કોઈપણ સમયે નૌકાદળ લડાઈ માટે તૈયાર છે.
- નોંધનીય છે કે પાકિસ્તાની સૈન્યએ 3 ડિસેમ્બર, 1971ના રોજ ભારતના હવાઈ વિસ્તાર અને સરહદી વિસ્તાર પર હુમલો કર્યો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારતે 4 ડિસેમ્બરની રાતે 'ઓપરેશન ટ્રાઈડેંટ' શરૂ કર્યું હતું અને આ સાથે 1971ના યુદ્ધની શરૂઆત થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACT :

(1) ભારતમાં અંગ્રેજો દ્વારા 1612માં ભારતીય નૌસેનાની સ્થાપના કરવામાં આવી હતી.

(2) ભારતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો.

(3) ભારતમાં 17મી સદીમાં થઈ ગયેલા મરાઠા સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજ 'ભારતીય નૌસેનાના પિતા' ગણાય છે.

(4) ભારતમાં તલવાર નામક જહાજ પરથી 1946માં અંગ્રેજો વિરુદ્ધ 'નૌસેના વિદ્રોહ' થયો હતો. જે સરદાર વલ્લભભાઈ પટેલની મધ્યસ્થીથી શાંત થયો હતો.

## ભારતીય નૌકાદળ

સ્થાપના : 1612

મુખ્યમથક : નવી દિલ્હી

સૂત્ર : शं नो वरूण :

કમાન્ડર–ઈન–ચીફ : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ : એડ્મિરલ કરમબીર સિંઘ

## ➤ MDHના સ્થાપક ધર્મપાલ ગુલાટીનું 98 વર્ષની વયે નિધન

- MDH મસાલાના માલિક ધર્મપાલ ગુલાટીનું 98 વર્ષની વયે દિલ્હી ખાતે નિધન થયું હતું.
- તેઓ 'મસાલા કિંગ'ના નામે જાણીતા હતા.
- ઉદ્યોગ જગતમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ તેમને ગત વર્ષે ભારત સરકાર દ્વારા 'પદ્મ ભૂષણ'થી સન્માનિત કરાયા હતા.
- ધર્મપાલ ગુલાટીનો પરિવાર મૂળ પાકિસ્તાનના સિયાલકોટ વિસ્તારનો વતની છે.

## MDH (મહાશિયાં દી હટ્ટી)

સ્થાપના : 1919 (સિયાલકોટ, પંજાબ)

સ્થાપક : મહાશય ચુન્નીલાલ ગુલાટી

મુખ્યમથક : નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સંયુક્ત રાષ્ટ્રે ભાંગને ડ્રગ્સની યાદીમાંથી દૂર કરીને એક દવા તરીકે માન્યતા આપી

- સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં થયેલા ઐતિહાસિક મતદાનને અંતે સંગઠને ભાંગ એક દવા હોવાની વાતનો સ્વીકાર કરીને તેને માન્યતા આપી છે.
- વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના તજજ્ઞોએ કરેલી ભલામણ પછી સંયુક્ત રાષ્ટ્રે આ નિર્ણય લીધો છે.
- જોકે સંયુક્ત રાષ્ટ્રના કાયદા મુજબ ભાંગને હજીપણ બિનતબીબી ઉપયોગના રૂપમાં પ્રતિબંધિત ડ્રગ જ માનવામાં આવશે.

## ➤ પશ્ચિમ બંગાળની 'સ્વાસ્થ્ય સાથી સ્કિમ'

- સ્વાસ્થ્ય સાથી યોજના <u>પશ્ચિમ બંગાળ સરકારની આરોગ્ય વીમા યોજના</u> છે.

### સ્વાસ્થ્ય સાથી યોજના

- સ્વાસ્થ્ય સાથી યોજના પ.બંગાળ સરકારે <u>2016</u>માં શરૂ કરી હતી અને હવે તે રાજ્યની સમગ્ર વસ્તીને આવરી લેવા માટે વિસ્તૃત કરવામાં આવી છે.
- તે <u>દ્વિતીયક</u> અને <u>તૃતીયક કક્ષાની આરોગ્ય સંભાળ સેવાઓ</u> માટે <u>કુટુંબદીઠ વાર્ષિક 5 લાખ રૂપિયા સુધીનું આરોગ્ય કવર પૂરું</u> પાડે છે.
- પ.બંગાળની સરકારી અને ખાનગી હોસ્પિટલો બંને આ યોજનાનો ભાગ છે.
- આ યોજના અંતર્ગત સંપૂર્ણ ભંડોળ પશ્ચિમ બંગાળ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે પશ્ચિમ બંગાળ રાજ્યના તમામ પરિવારોને <u>સ્માર્ટકાર્ડ</u> પ્રદાન કરવામાં આવશે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકારના પ્રતિનિધિઓ દરેક ઘરની મુલાકાત લઈને નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરશે. આ સમગ્ર પ્રક્રિયા <u>'દુવારે દુવારે પશ્ચિમબોન્ગો સરકાર ઈનિશિયેટીવ'</u>ના ભાગરૂપે પૂર્ણ કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ પોલીસ સ્ટેશનોનું વાર્ષિક રેન્કિંગ

- **કેન્દ્રીય ગૃહ મંત્રાલયે** તાજેતરમાં જ ભારતમાં પોલીસ સ્ટેશનોનું વાર્ષિક રેન્કિંગ બહાર પાડયુ હતું.
- **વર્ષ 2015થી આ વાર્ષિક રેન્કિંગ આપવામાં આવી રહ્યું** છે.

### રેન્કિંગની મુખ્ય બાબતો

- **મણિપુરના થોબલ જિલ્લાના નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશનને દેશના સર્વશ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ સ્ટેશન** તરીકે સ્થાન અપાયું હતું.
- આ યાદીમાં **બીજા સ્થાને તમિલનાડુના સાલેમ** શહેરના **સુરમંગલમના ઓલ મહિલા પોલીસ સ્ટેશનનો** સમાવેશ થાય છે.
- **અરૂણાચલપ્રદેશના ચાંગલાંગ જિલ્લાના ખારસંગ પોલીસ સ્ટેશનને ત્રીજો ક્રમ** આપવામાં આવ્યો છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દેશના ટોચના-10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનો**

| ક્રમ | પોલીસ સ્ટેશન | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | નોંગપોક સેકમાઈ | મણિપુર |
| 2 | સુરમંગલમ | તમિલનાડુ |
| 3 | ખારસંગ | અરૂણાચલપ્રદેશ |
| 4 | ઝિલીમિલી | છત્તીસગઢ |
| 5 | સન્ગુમ | ગોવા |
| 6 | કાલિઘાટ | આંદામાન અને નિકોબાર ટાપુઓ |
| 7 | પેકયોંગ | સિક્કિમ |
| 8 | કંઠ | ઉત્તરપ્રદેશ |
| 9 | ખાનવેલ | દાદરા અને નગર હવેલી |
| 10 | જમ્મીકુતના | તેલંગાણા |

## સર્વશ્રેષ્ઠ પોલીસ સ્ટેશનના રેન્કિંગ વિશે

- દેશમાં **16,671થી વધુ પોલીસ સ્ટેશનો** છે.
- **મહિલાઓ સામેના ગુના, વંચિત વર્ગો, સંપત્તિના ગુનાઓ જેવા વિવિધ પરિમાણોના આધારે** ટોચના 10 પોલીસ સ્ટેશનને શોર્ટલિસ્ટ કરવામાં આવે છે.
- **2020માં**, **કેન્દ્ર સરકારે 3 નવા પરિમાણો** રજૂ કર્યા હતા, જેમ કે **અજાણ્યા મળી આવેલા વ્યકિત**, **ગુમ થયેલ વ્યકિતઓ** અને **અજાણ્યા મૃતદેહો**.

## ➤ ચારધામ હાઈવે પ્રોજેક્ટ

- 2 ડિસેમ્બર, 2020ના રોજ સુપ્રીમ કોર્ટે ચારધામ હાઈવે પ્રોજેક્ટની દેખરેખ રાખતી સમિતિને સંરક્ષણ મંત્રાલયની અરજીઓ પર વિચાર કરવા કહયું હતું.
- સંરક્ષણ મંત્રાલયે પોતાની અરજીમાં ભારત–ચીન સરહદ વિસ્તારમાં સાત મીટર સુધીના રસ્તાઓને 2 અઠવાડિયામાં પહોળા કરવાની માંગ કરી છે.

## ચારધામ હાઈવે પ્રોજેક્ટ

- ચારધામ હાઈવે પ્રોજેક્ટ **ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ**ને તમામ વાતાવરણમાં જોડાણની તમામ સુવિધાઓ પૂરી પાડશે.
- ચારધામ હાઈવે પ્રોજેક્ટની કિંમત આશરે 12,000 કરોડ રૂપિયા છે.
- **27 ડિસેમ્બર, 2016**ના રોજ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ આ પ્રોજેક્ટની શરૂઆત કરાવી હતી.

## આ પ્રોજેક્ટનો અમલ કરનારી એજન્સીઓ

- **માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય,**
- **ઉત્તરાખંડ રાજ્ય જાહેર બાંધકામ વિભાગ,**
- **બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન,**
- નેશનલ હાઈવે એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ

## ચિંતાનો વિષય

- પર્યાવરણવિદોના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટ અત્યંત સંવેદનશીલ ભાગીરથી ઈકો સેન્સિટિવ ઝોનને ખૂબ અસર કરશે.

**ICE FACT :**

- આ પ્રોજેક્ટ **Engineering, Procurement and Construction (EPC)** મોડમાં લાગુ કરવામાં આવી રહયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ HSN કોડ શું છે ?

- **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC)**એ **GST ઈન્વોઈસ જારી** કરતી વખતે **49 કેમિકલ આધારિત** ઉત્પાદનો માટે **ટેક્સ ઈન્વોઈસમાં 8 અંકનો HSN કોડ**નો ઉલ્લેખ કરવો ફરજિયાત બનાવ્યો છે. આ પગલાંથી કરચોરી ઓછી થવાની ધારણા છે.
- **HSN (Harmonised System of Nomenclature)**એ **વિશ્વભરના માલ-સામાન વર્ગીકરણ માટેની સિસ્ટમ** છે.

**ICE FACT :**

- હાર્મોનાઈઝ્ડ સિસ્ટમનો વિકાસ વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવ્યો હતો.
- તે એક બહુહેતુક આંતરરાષ્ટ્રીય ઉત્પાદન નામકરણ છે.

## ➤ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત

- સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતને 2021ના અંતમાં અથવા 2022ની શરૂઆતમાં સેવારત કરવામાં આવશે.
- 'આત્મનિર્ભર ભારત' પહેલ અંતર્ગત આ પ્રોજેક્ટ નોંધપાત્ર છે, કારણ કે તેની 75% સામગ્રી સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવી હતી.
- આ કેરિયર **કોચિન શિપયાર્ડ લિમિટેડ** ખાતે તેના નિર્માણના અંતિમ તબક્કામાં છે. તાજેતરમાં તેનું બેસિન ટ્રાયલ્સ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### INS વિક્રાંત

- INS વિક્રાંતને **'સ્વદેશી વિમાનવાહક કેરિયર વન'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ભારતીય નૌકાદળ માટે કેરળના કોચિન શિપયાર્ડમાં નિર્માણાધીન છે.

સૂત્ર : **'जयेम सं युधि स्पृधः'**

**'I defeat those who fight against me'**

**'(હું મારી સામે લડનારાઓને હરાવીશ)'**

- તે **'Short Take off But Arrested Recovery Mechanism (STOBAR)"** પર કાર્ય કરે છે.
- STOBAR એ **વર્ટિકલ લેન્ડિંગ** અને **શોર્ટ ટેક ઓફ** બંનેની સુવિધા આપે છે.

## ICE Questions

1. 'રાષ્ટ્રીય નૌસેના દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?
   (A) 2 ડિસેમ્બર (B) 3 ડિસેમ્બર (C) 4 ડિસેમ્બર (D) 5 ડિસેમ્બર **(C)**

2. વર્ષ 2020ની રાષ્ટ્રીય નૌસેના દિવસની થીમ કઈ હતી ?
   (A) Indian Navy Combat ready, Credible and cohesive
   (B) Indian Navy fight ready, Credible and cohesive
   (C) Indian Navy ready to fight, Credible and cohesive
   (D) Indian Navy ready to combat, Credible and cohesive **(A)**

3. 'ઓપરેશન ટ્રાઈડેંટ' ભારતે કયા વર્ષમાં શરૂ કર્યું હતું ?
   (A) 1972 (B) 1971 (C) 1975 (D) 1961 **(B)**

4. 'બેંકોનો આંતરરાષ્ટ્રીય દિવસ' ક્યારે ઉજવાય છે ?
   (A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(D)**

5. 'મસાલા કિંગ'ના નામે જાણીતા કયા ઉદ્યોગકારનું તાજેતરમાં નિધન થયું હતું ?
   (A) ધર્મપાલ ગુલાટી (B) ચુન્નીલાલ ગુલાટી
   (C) ધર્મપાલ શેઠ (D) ધર્મપાલ ચૌધરી **(A)**

6. 'સ્વાસ્થ્ય સાથી સ્કિમ' કયા રાજ્યની યોજના છે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) દિલ્હી (C) પશ્ચિમ બંગાળ (D) બિહાર **(C)**

7. દેશના ટોચના-10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનોની યાદીમાં દેશનું કયું પોલીસ સ્ટેશન પ્રથમ નંબરે આવ્યું છે ?
   (A) ખારસંગ (B) કાલિઘાટ (C) સુરમંગલમ (D) નોંગપોક સેકમાઈ **(D)**

8. ચારધામ હાઈવે પ્રોજેક્ટની શરૂઆત વડાપ્રધાનશ્રીએ કયા વર્ષમાં કરી હતી ?
   (A) 2015 (B) 2016 (C) 2017 (D) 2018 **(B)**

9. HSN કોડ શું છે ?
   (A) વિશ્વની સ્થાપત્ય શૈલીને વર્ગીકૃત કરતી વ્યવસ્થા
   (B) વિશ્વભરના માલ–સામાન વર્ગીકરણ માટેની વ્યવસ્થા
   (C) મોનોલિથ્સને ઉકેલવા માટેના કોડની વ્યવસ્થા
   (D) દરેક દેશોને કમ્યુનિકેશન માટે અપાતો કોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**10. સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવી રહયું છે ?**

**(A) વિશાખાપટ્ટનમ શિપયાર્ડ લિમિટેડ** **(B) કોલકાતા શિપયાર્ડ લિમિટેડ**

**(C) મઝગાંવ શિપયાર્ડ લિમિટેડ** **(D) કોચિન શિપયાર્ડ લિમિટેડ** **(D)**

**11. 'સ્વદેશી વિમાનવાહક કેરિયર વન' તરીકે નીચેના પૈકી કોને ઓળખવામાં આવે છે ?**

**(A) INS વિક્રમાદિત્ય** **(B) INS ઐરાવત**

**(C) INS વિક્રાંત** **(D) INS વિશાલ** **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**5 DECEMBER, 2020 SATURDAY**

➤ **દિવસ મહિમા : 5 ડિસેમ્બર, (1) વિશ્વ મૃદા દિન (World Soil Day)**
**(2) આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ (International Volunteer Day for Economic and Social Development)**

## વિશ્વ મૃદા દિન (World Soil Day)

- સમગ્ર વિશ્વમાં 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો હેતુ ખેડૂતો અને સામાન્ય લોકોને માટીના મહત્ત્વથી વાકેફ કરવાનો છે.
- માટી વિવિધ પ્રમાણમાં ખનીજો, કાર્બનિક પદાર્થો અને હવાથી બનેલું સ્તર છે.
- વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય મૃદા વિજ્ઞાન સંઘ દ્વારા 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ'ની ઉજવણી કરવાની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ FAO (Food and Agriculture Organization) દ્વારા પણ તેમને સમર્થન આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ ડિસેમ્બર 2013માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 68માં સત્રમાં 5 ડિસેમ્બરને 'વિશ્વ મૃદા દિન' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- પ્રથમ 'વિશ્વ મૃદા દિન' 2014માં ઉજવવામાં આવ્યો હતો.
- વર્ષ 2020 વિશ્વ મૃદા દિનની થીમ 'Keep Soil Alive, Protect Soil Biodiversity' (માટી જીવંત રાખો, જમીનની જૈવ વિવિધતાને સુરક્ષિત કરો.)

**ICE FACT :**

- વિશ્વ મૃદા દિવસની ઉજવણી થાઈલેન્ડના દિવંગત રાજા ભૂમિબલ અદુલ્યદેજના જન્મદિવસે કરવામાં આવે છે.
- તેઓ આ પહેલના મુખ્ય સમર્થક હતા.
- ઈન્ટરનેશનલ યર ઓફ સોઈલ્સ તરીકે વર્ષ 2015 ઘોષિત કરવામાં આવ્યું હતું.
- ઈન્ટરનેશનલ ડિકેડ ઓફ સોઈલ્સ તરીકે '2015-2024'ને ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અભિનેતા જ્હોન અબ્રાહમને પેટાએ 'પર્સન ઓફ ધ યર' તરીકે પસંદ કર્યા

- પ્રાણીઓના અધિકાર, પશુપ્રેમ અને પ્રાણીઓ સાથે દુર્વ્યવહાર કરનારી વિરોધ કરનારી સંસ્થા 'PETA'એ જ્હોન અબ્રાહમને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યો છે.
- જ્હોન અબ્રાહ્મને આ સન્માન પ્રાણીઓ પ્રત્યેના પોતાના પ્રેમ અને તેમના અધિકારની વાત કરવા માટે આપવામાં આવ્યો છે.

**PETA**

PETA : 'People for the Ethical Treatment of Animals'

સ્થાપના : 22 માર્ચ, 1980

સ્થાપક : ઈનગ્રીડ ન્યુકીર્ક, એલેક્સ પચેકો

સૂત્ર : 'Animals are not ours to experiment on, eat, wear, use for entertainment, or abuse in any other way.'

## ➤ રણજીતસિંહ ડિસલેને ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2020 એનાયત કરવામાં આવ્યો હતો

- મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના શિક્ષક રણજીતસિંહ ડિસલેને ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2020 એનાયત કરવામાં આવ્યો હતો.
- 140 જેટલા દેશોના 12,000થી વધુ શિક્ષકોમાંથી તેમની પસંદગી કરવામાં આવી હતી.
- આ શિક્ષક દસ લાખ અમેરિકન ડોલરના ઈનામની અડધી રકમ સમગ્ર દુનિયાના અન્ય નવ શિક્ષક ફાઈનલિસ્ટ્સમાં વહેંચી દેશે.
- રણજીતસિંહે એકથી ચાર ધોરણના તમામ પાઠ્યપુસ્તકોને યૂનિક ક્યૂઆર કોડ્સથી જોડી પાઠ્યપુસ્તકોને નવેસરથી તૈયાર કર્યાં હતા.
- રણજીતસિંહ ડિસલેને 2016માં કેન્દ્ર સરકાર દ્વારા 'ઈનોવેટિવ રિસર્ચર ઓફ ધ યર' એવોર્ડ અપાયો હતો.
- માઈક્રોસોફ્ટના સત્ય નડેલાના પુસ્તક 'હિટ રિફ્રેશ'માં પણ ડિસલેને સ્થાન અપાયુ હતું.
- તેમણે ભારત અને પાકિસ્તાન, પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ, ઈરાક અને ઈરાન તેમજ અમેરિકા અને ઉત્તર કોરિયાના યુવાનોને જોડવા માટેના મંચ તરીકે 'લેટ્સ ક્રોસ ધ બોર્ડર્સ' પ્રોજેક્ટ શરૂ કર્યો છે.
- ગ્લોબલ ટીચર પ્રાઈઝ વર્કી ફાઉન્ડેશન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.
- તેનું મુખ્ય મથક લંડનમાં છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારત અને અમેરિકાએ બૌદ્ધિક સંપત્તિ (Intellectual Property) સહયોગ પર હસ્તાક્ષર કર્યા

- ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે તાજેતરમાં બૌદ્ધિક સંપત્તિ સહકાર અંગેના કરાર પર હસ્તાક્ષરો કર્યા હતા.
- આ કરારો પર ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને યુનાઈટેડ સ્ટેટ્સ પેટન્ટ એન્ડ ટ્રેડમાર્ક ઓફિસ (USPTO) વચ્ચે કરારો થયા હતા.
- આ કરારથી બંને દેશો વચ્ચે બૌદ્ધિક સંપત્તિ સહયોગમાં વધારો થશે.

### બૌદ્ધિક સંપત્તિ કરારની મુખ્ય લાક્ષણિકતાઓ

- આ કરારથી ઉદ્યોગો, સંશોધન અને વિકાસ સંગઠનો, યુનિવર્સિટીઓ અને નાના અને મધ્યમ કદના સાહસો વચ્ચે શ્રેષ્ઠ અનુભવની આપ–લે કરવામાં મદદ મળશે.
- આ કરારો દ્વારા બંને દેશો નિષ્ણાંતોની આપ–લે કરી શકશે, તાલીમ કાર્યક્રમો, આઉટરીચ પ્રવૃત્તિઓ અને તકનીકી વિનિયમમાં સહયોગ વધશે.
- તે ટ્રેડ માકર્સ, જિઓગ્રાફીકલ ઈન્ડિકેશન્સ, પેટન્ટ અને ઔદ્યોગિક ડિઝાઈનો વગેરેની તપાસ માટેની પ્રક્રિયાનો શ્રેષ્ઠ અભ્યાસ પૂરો પાડશે.
- તે પ્રોજેકટ્સમાં આધુનિકીકરણ, બૌદ્ધિક પેટન્ટ ઓફિસ સેવાઓના સંચાલન માટેની પ્રક્રિયા અને બૌદ્ધિક પેટન્ટમાં દસ્તાવેજીકરણ વગેરેની આપ–લે કરવામાં મદદ કરશે.
- આ કરારને બંને દેશો વચ્ચે દ્વિવાર્ષીક પ્લાન દ્વારા અમલમાં મૂકવામાં આવશે જેનાથી બંને દેશો વચ્ચે સહયોગ વધશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

- દર વર્ષે World Intellectual Property Day (વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ) 26 એપ્રિલનાં રોજ ઉજવવામાં આવે છે.
- World Intellectual Property Organizationa (WIPO)ની રચના 14 જુલાઈ, 1967નાં રોજ થઈ હતી.

  WIPOનું મુખ્યમથક : જિનિવા, સ્વિટ્ઝરલેન્ડ
- તાજેતરમાં સપ્ટેમ્બર 2020માં ભારતે ડેનમાર્ક સાથે બૌદ્ધિક સંપત્તિ સહકાર અંગે સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા.

## ➤ ઓમાન-ભારત ફ્રેન્ડશિપ એસોસિએશન

- **ઓમાને** તાજેતરમાં ભારત સાથે ફ્રેન્ડશિપ એસોસિએશન સ્થાપવાની જાહેરાત કરી હતી.
- બંને દેશોના વિદેશપ્રધાનો વચ્ચે થયેલી દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન તેની ઘોષણા કરવામાં આવી હતી.
- **ભારતના વિદેશપ્રધાન શ્રી એસ. જયશંકરના** બહેરીન તથા યુએઈના પ્રવાસ બાદ આ દ્વિપક્ષીય ચર્ચા વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી.
- ભારત અને ઓમાન વચ્ચે થયેલી દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન બંને દેશોએ તેમના આર્થિક સહયોગ, વાણિજિયક સમસ્યાઓ, ક્ષમતા નિર્માણ અને વિવિધ તાલીમ કાર્યક્રમો અંગે સમીક્ષા કરી હતી.
- ભારત અને ઓમાન ફ્રેન્ડશિપ એસોસિએશનનું લક્ષ્ય બંને દેશો વચ્ચેના વ્યવસાય અને સામાજિક સમુદાયો વચ્ચે પરસ્પર હિતની બાબતોને પ્રોત્સાહન આપી એક મંચ પ્રદાન કરવાનું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારત-ઓમાનના તાજેતરનાં સંબંધો

- 2018માં, **ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓમાનની મુલાકાત** લીધી હતી.
- આ મુલાકાત દરમિયાન તેઓએ બંને દેશો વચ્ચે સંરક્ષણ, ઊર્જા, અન્ન સુરક્ષા, વેપાર અને રોકાણ અને પ્રાદેશિક મુદ્દાઓમાં બંને દેશો વચ્ચે સહકાર વધાર્યો હતો.
- **ડિસેમ્બર 2019માં ભારત અને ઓમાન વચ્ચે દરિયાઈ પરિવહન કરાર પર હસ્તાક્ષર થયા હતા. કોઈપણ ગલ્ફ દેશ સાથે ભારતના આ પ્રથમ પ્રકારના કરાર હતા.** આ કરારથી ભારતને દક્ષિણ હિંદ મહાસાગર, પશ્ચિમ હિંદ મહાસાગર, પૂર્વ આફ્રિકા અને પર્શિયન ગલ્ફમાં તેના વિસ્તરણમાં મદદ મળી હતી. આ કરાર ભારતનો **'ઈન્ડો-પેસિફિક વિઝન'**નો એક ભાગ હતો.

**ICE FACT :**

- ઓમાનની રાજધાની **'મસ્કત'** છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ CLMV દેશો શું છે ?

- તાજેતરમાં છઠ્ઠી ભારત-CLMV બિઝનેસ કોન્ક્લેવ 2020નું આયોજન થયું હતું.
- આ કોન્કલેવ દરમિયાન ભારતે CLMV દેશોને આંતરરાષ્ટ્રીય સોલાર અલાયન્સ (ISA) અને રેઝિલિયન્ટ સપ્લાય ચેઈન ઈનિશિયેટીવમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

### ભારત-CLMV દેશો વચ્ચે યોજાયેલ કોન્ક્લેવ 2020ની થીમ

- 'Building Bridges for Constructive Development Yesterday'
- આ કોન્કલેવ દરમિયાન ભારતે CLMV દેશો સાથે કોવિડ-19 રસી વહેંચવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

### CLMV દેશો ક્યાં છે ?

- CLMV દેશોમાં કંબોડિયા, લાઓસ, મ્યાનમાર અને વિયેતનામ જેવા દક્ષિણપૂર્વ એશિયાઈ ક્ષેત્રના દેશોનો સમાવેશ થાય છે.
- આ ચાર દેશોમાં તાંબુ, ઓઈલ, કુદરતી ગેસ, રત્નો અને સાગ જેવાં કુદરતી સંસાધનો વિપુલ માત્રામાં છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### CLMV દેશોનું મહત્ત્વ

- છેલ્લા દાયકામાં ભારતનો આ દેશો સાથેનો વેપાર 1.5 અબજ ડોલરથી વધીને 10 અબજ ડોલર થયો છે.

**ICE FACT :**

- CLMVના તમામ સભ્યો ASEAN (Association of southeast Asian Nations)ના પણ સભ્ય દેશો છે.

## ICE ? Questions

1. 'વિશ્વ મૃદા દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 2 ડિસેમ્બર (B) 3 ડિસેમ્બર (C) 4 ડિસેમ્બર (D) 5 ડિસેમ્બર **(D)**

2. 'આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(C)**

3. 'વિશ્વ મૃદા દિન' 2020ની થીમ જણાવો ?
(A) 'Stop Soil erosion, Save our future'
(B) 'Be the solution to soil pollution'
(C) 'Caring for the soils start from the ground'
(D) 'Keep soil Alive, Protect soil biodiversity' **(D)**

4. ઈન્ટરનેશનલ યર ઓફ સોઈલ્સ તરીકે કયા વર્ષને ઘોષિત કરવામાં આવેલ છે ?
(A) 2015 (B) 2016 (C) 2017 (D) 2018 **(A)**

5. 'પર્સન ઓફ ધ યર' તરીકે PETAએ કયા અભિનેતાની તાજેતરમાં પસંદગી કરી હતી ?
(A) શ્રી અક્ષય કુમાર (B) શ્રી આમીર ખાન
(C) શ્રી જ્હોન અબ્રાહમ (D) શ્રી અમિતાભ બચ્ચન **(C)**

6. PETA એ કોના અધિકાર માટે કાર્યરત સંસ્થા છે ?
(A) બાળકોના (B) વૃદ્ધોના (C) પ્રાણીઓના (D) એક પણ નહીં **(C)**

7. તાજેતરમાં ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2020 મેળવનાર ભારતીયનું નામ જણાવો ?
(A) શ્રી ઉપેન્દ્રસિંહ ડિસલે (B) શ્રી રણજીતસિંહ ડિસલે
(C) શ્રી ધર્મપાલ ડિસલે (D) શ્રી ચુન્નીલાલ ડિસલે **(B)**

8. તાજેતરમાં ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2020 વિજેતા શ્રી રણજીતસિંહ ડિસલે કયા રાજ્યના વતની છે ?
(A) મધ્યપ્રદેશ (B) આંધ્રપ્રદેશ (C) અરૂણાચલપ્રદેશ (D) મહારાષ્ટ્ર **(D)**

9. 'વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 26 માર્ચ (B) 26 એપ્રિલ (C) 26 મે (D) 26 સપ્ટેમ્બર **(B)**

10. તાજેતરમાં કયા ગલ્ફના દેશે ભારત સાથે ફ્રેન્ડશિપ એસોસિએશન સ્થાપવાની જાહેરાત કરી હતી ?
(A) યમન (B) UAE (C) કતાર (D) ઓમાન **(D)**

11. વર્ષ 2020માં કેટલામી ભારત–CLMV બિઝનેસ કોન્કલેવનું આયોજન થયું હતું ?
(A) છટ્ઠી (B) સાતમી (C) આઠમી (D) નવમી **(A)**

12. CLMV દેશોમાં નીચેના પૈકી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) કંબોડિયા (B) લાઓસ (C) મલેશિયા (D) વિયેતનામ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ લકઝમબર્ગ ગુજરાતમાં રેફ્રિજરેટેડ વેક્સિન ટ્રાન્સપોર્ટેશન પ્લાન્ટ નાખશે

યુરોપના દેશ લકઝમબર્ગના વડાપ્રધાન જેવિયર બેટટેલે ગુજરાતમાં રેફ્રિજરેટેડ વેક્સિન ટ્રાન્સપોર્ટેશન પ્લાન્ટ નાખવા માટેના પ્રસ્તાવનો ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વીકાર કર્યો છે.

### ➤ શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરનું વિશેષ સલાહકારના દરજ્જા સાથે સન્માન થયું

ગુરૂદેવ રાકેશભાઈ સંસ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સામાજિક અભિયાન શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરની અનેક સેવાકીય પ્રવૃત્તિઓની યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (UN-ECOSOC) દ્વારા વિશેષ સલાહકારનો દરજ્જો આપીને ઉચ્ચતમ સન્માન કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ જૂનાગઢમાં રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદનું આયોજન

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજરાત સરકાર) તથા બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાનકેન્દ્ર, જૂનાગઢ દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ 2020નું આયોજન કરવામાં આવેલ છે. ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય અંતર્ગત સમગ્ર ભારતમાં છેલ્લા 27 વર્ષથી 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ'નું આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ 2020ની થીમ : 'નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન' આ પરિષદમાં ભાગ લઈ રહેલા બાળકોની ઉંમર 10 થી 17 વર્ષ સુધીની હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ગુજરાત પોલીસને વિદેશોમાં વપરાતી અને ઈલેક્ટ્રિક શોક આપતી ટીઝર ગન મળી

ટીઝર ગનની વિશેષતા એ છે કે ટ્રીગર દબાવવાથી ફાયર થતું નથી પરંતુ કેટલાક મીટરના અંતર સુધી ઈલેકટ્રીક કરંટ લાગે છે અને વ્યકિત મરતો નથી પરંતુ થોડાક સમય માટે બેશુદ્ધ રહે છે. **ભારતમાં માત્ર ગુજરાત પોલીસ પાસે જ આ ગન ઉપલબ્ધ** છે.

## ➤ ગુજરાત વીજ નિયંત્રક પંચના નવનિયુક્ત જયુડિશિયલ સભ્ય તરીકે શ્રી મેહુલ ગાંધીએ શપથ લીધા

ગુજરાત વીજ નિયંત્રક પંચ (GERC)ના નવનિયુકત સભ્ય શ્રી મેહુલ ગાંધીએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ હોદ્દાના અને ગુપ્તતાના શપથ લીધા હતા. GERCમાં કાયદા મુજબ ચેરમેન ઉપરાંત બે સભ્યોની નિમણૂક કરવામાં આવતી હોય છે.

## ➤ આર્થિક ગણતરીમાં પ્રથમવાર મોબાઈલ એપનો ઉપયોગ કરાયો

કેન્દ્ર સરકારના CSC e-Governance Service India Ltd અને **ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરીએ 7મી આર્થિક ગણતરી**ની કામગીરી હાથ ધરી છે. આ આર્થિક ગણતરીમાં સૌપ્રથમવાર મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરાઈ રહયો છે. આર્થિક ગણતરી હેઠળ એકત્રિત કરવામાં આવતી માહિતીનો અભ્યાસ કરી રાજ્યના નીતિવિષયક આયોજનમાં તેનો ઉપયોગ કરાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ BSF ગુજરાત ફ્રન્ટિયરનું ટ્રોફીથી સન્માન

BSF દ્વારા ટ્રેનિંગ અને સ્પોર્ટ્સ ક્ષેત્રે અપાતી અશ્વિની ટ્રોફીથી ગુજરાત ફ્રન્ટિયરનું સન્માન કરવામાં આવ્યું હતું. BSFની સ્થાપના 1 ડિસેમ્બર, 1965ના રોજ થઈ હતી. આથી 1 ડિસેમ્બરે, 'BSF રેઈઝિંગ દિવસ' ઉજવવામાં આવે છે.

## ➤ મુખ્યમંત્રીશ્રીએ ODPS-2.0નો પ્રારંભ કરાવ્યો

ગુજરાતના **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ODPS-2.0(ઓનલાઈન ડેવલપમેન્ટ પ્લાન સીસ્ટમ)**ના અદ્યતન ટેક્નોલોજીયુકત વર્ઝનનો **મહાત્મા મંદિર, ગાંધીનગરથી પ્રારંભ** કરાવ્યો હતો. **સમગ્ર દેશમાં આવી ઓનલાઈન પદ્ધતિએ ફેઈસલેસ વ્યવસ્થા વિકસાવી ડેવલપમેન્ટ પ્લાન પાસ કરનારું ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય** છે.

# ભારત

## ➤ લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવાની સમય-મર્યાદા 28 ફેબ્રુઆરી

કોરોના કાળમાં કેન્દ્ર સરકારે 35 લાખથી વધુ પેન્શનર્સને વધુ એક વખત રાહત આપી લાઈફ સર્ટિફિકેટ એટલે કે પોતે જીવંત હોવાનું પ્રમાણપત્ર જમા કરવા માટેની સમયમર્યાદા વધારીને 28મી ફેબ્રુઆરી 2021 કરી હતી.

## ➤ દેશભરમાં દ્વિચક્રી વાહનચાલકો માટે BIS પ્રમાણિત હેલ્મેટ ફરજિયાત થશે

દેશભરના દ્વિચક્રી વાહનચાલકો માટે હવે બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) પ્રમાણિત હેલ્મેટ ફરજિયાત બની છે. જૂન 2021થી BIS સર્ટિફાઈડ હેલ્મેટનું જ ઉત્પાદન અને વેચાણ થશે. 1 જૂન 2021થી નોન BIS હેલ્મેટનું ઉત્પાદન અને વેચાણ અપરાધ ગણાશે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કોરોના રસી વિકસાવતી 3 કંપનીઓની મુલાકાત

**વડાપ્રધાનશ્રીની વેક્સિન ટૂર**

| સ્થળ | કંપની | વેક્સિન |
|---|---|---|
| અમદાવાદ (ચાંગોદર) | ઝાયડ્સ કેડિલા | ઝાયકોવ–ડી (સંપૂર્ણ સ્વદેશી રસી) |
| હૈદરાબાદ | ભારત બાયોટેક | કોવેક્સિન (સંપૂર્ણ સ્વદેશી રસી) |
| પૂણે | સીરમ ઈન્સ્ટિટ્યૂટ | કોવિશિલ્ડ (એસ્ટ્રાઝેનેકાની રસી) |

## ➤ મુંબઈના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળી ભરતી જોવા મળે છે

મહારાષ્ટ્રના જુહુ બીચ જેવાં ઘણાં ભાગોમાં વાદળી ભરતીની ઘટના જોવા મળી હતી. આ ઘટના બાયોલ્યુમિનેસન્સને કારણે થાય છે. બાયોલ્યુમિનેસન્સએ ફાયટોપ્લેંકટન્સ નામના માઈક્રોસ્કોપિક દરિયાઈ છોડ દ્વારા થતું પ્રકાશનું ઉત્સર્જન છે. લક્ષદ્વીપ, ગોવા, મુંબઈના દરિયાકાંઠામાં આવી ઘટનાઓ જોવા મળે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'મિશન કોવિડ સુરક્ષા' લોન્ચ કરાયું

દેશમાં કોરોનાની રસીના વિકાસને વેગ આપવા માટે 'મિશન કોવિડ સુરક્ષા' લોન્ચ કરવામાં આવ્યું હતું. 12 નવેમ્બર, 2020ના રોજ આત્મનિર્ભર ભારત અભિયાન 3.0ની જાહેરાત કરતી વખતે કેન્દ્રીય નાણામંત્રી શ્રી નિર્મલા સિતારામન દ્વારા આ મિશનની ઘોષણા કરવામાં આવી હતી. આ મિશન ઈન્ડિયા કોલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ (Ind-CEPI) અને નેશનલ બાયો ફાર્મા મિશન દ્વારા સમર્થિત છે.

## ➤ રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનું ચેન્નઈમાં નિધન

રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનું ચેન્નઈની હોસ્પિટલમાં 66 વર્ષની વયે નિધન થયું હતું. અભય ભારદ્વાજ લો-કમિશનના પાર્ટટાઈમ સભ્ય પણ રહયા હતા. તેમના પાર્થિવ દેહની અંતિમવિધિ રાજકોટ ખાતે કરવામાં આવી હતી.

## ➤ પેરિસ કરારના અમલીકરણ માટે સર્વોચ્ચ સમિતિ

હવામાન પલટાની બાબતમાં સંકલનપૂર્ણ પ્રતિભાવ માટે તાજેતરમાં ભારત સરકારે 'The Apex Committee for the Implementation of the paris agreement (AIPA)'ની રચના કરી હતી. આ કમિટી દેશમાં કાર્બન માર્કેટનું નિયંત્રણ કરશે. આ સમિતિની રચના કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સચિવની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ સમિતિમાં 17 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ➤ અલાહાબાદ યુનિવર્સિટીએ તેના પ્રથમ મહિલા વાઈસ-ચાન્સેલર(VC)ની નિમણૂક કરી

પ્રોફેસર સંગીતા શ્રીવાસ્તવની તાજેતરમાં અલાહાબાદ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અલાહાબાદ યુનિવર્સિટીના VCનું પદ સંભાળનાર તેઓ પ્રથમ મહિલા બન્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કર્ણાટક સરકારે ડિજિટલ મોડમાં લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) શરૂ કરી

**લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) કર્ણાટક રાજ્યની સરકારી કોલેજોમાં** લાગુ કરવામાં આવશે. આ ડિજિટલ પ્લેટફોર્મમાં યુનિવર્સિટીઓના અભ્યાસક્રમ મુજબ વિકસિત થયેલ વિવિધ PPTઓ, વિડિયોઝ, ક્વિઝ તેમજ ઈ–અભ્યાસ સામગ્રીઓ ઉપલબ્ધ હશે. **સમગ્ર દેશમાં આ પ્રકારની પ્રથમ પહેલ** છે.

## ➤ હુરુન ઈન્ડિયાની ધનિક મહિલાઓની યાદીમાં રોશની નાદર મલ્હોત્રા ટોચ પર રહયા

હુરુન ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસને અંતે જાહેર કરવામાં આવેલા ભારતની ટોચની 100 ધનવાન મહિલાની યાદીમાં રોશની નાદર મલ્હોત્રા મોખરે રહયા છે. રૂપિયા 54,850 કરોડની સંપત્તિ ધરાવતા રોશની નાદર મલ્હોત્રાને તાજેતરમાં જ HCL ટેકનોલોજિસના ચેરપર્સન બનાવવામાં આવ્યા છે. આ યાદીમાં **બીજા સ્થાને કિરણ મજમૂદાર શો** છે તેમજ **ત્રીજા સ્થાને લીના ગાંધી તિવારી** છે.

# વિશ્વ

## ➤ કોરોના વાઈરસની રસીને ત્રણ ટ્રાયલ બાદ મંજૂરી આપનાર બ્રિટન વિશ્વનો પહેલો દેશ બન્યો

બ્રિટન દ્વારા **ફાઈઝર-બાયોએનટેક**ની કોરોના રસીને મંજૂરી આપવામાં આવી છે.

## ➤ વિશ્વનું સૌથી મોટું ટેલિસ્કોપ 'અરેસિબો' ધ્વસ્ત થઈ ગયું

અરેસિબો ટેલિસ્કોપ **પ્યૂર્ટોરિકામાં** સ્થિત હતું અને લાંબા સમયથી અવકાશ ગતિવિધિઓથી વિજ્ઞાનીઓને માહિતગાર કરતું હતું.

## ➤ ઓસ્ટ્રેલિયાના ટેલિસ્કોપે માત્ર 300 કલાકમાં જ 30 લાખ આકાશગંગાનું મેપિંગ કર્યું

આ ટેલિસ્કોપનું નામ **'ઓસ્ટ્રેલિયન સ્કવેર કિલોમીટર એરે પાથફાઈન્ડર (ASKAP)'** છે. આ ટેલિસ્કોપ **કોમનવેલ્થ સાયન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (CSIRO)** દ્વારા વિકસાવવામાં આવેલ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ઈથેરિયમ 2.0એ ઈથેરિયમ ક્રિપ્ટોકરન્સીનું અદ્યતન વર્ઝન છે

ઈથેરિયમની રજૂઆત 2013માં રશિયન-કેનેડિયન ક્રિપ્ટોકરન્સી સંશોધનકાર અને પ્રોગ્રામર વિતાલિક બ્યુટેરિન દ્વારા કરવામાં આવી હતી. ભારતમાં સુભાષચંદ્ર ગર્ગ કમિટીએ ક્રિપ્ટોકન્સીઝના પ્રતિબંધ અંગે ભલામણ કરી હતી.

## ➤ 3RF ફ્રેમવર્ક શું છે ?

ERF : Reform, Recovery and Reconstruction framework. 3RFની શરૂઆત યુનાઈટેડ નેશન્સ દ્વારા બૈરૂતને પુનર્જીવિત કરવા માટે કરવામાં આવી હતી. આ ફ્રેમવર્ક યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ બેંક અને યુરોપિયન યુનિયન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. 4 ઓગસ્ટ, 2020ના રોજ લેબેનોનની રાજધાની બૈરૂતમાં એક જીવલેણ વિસ્ફોટમાં 200થી વધુ લોકો માર્યા ગયા હતા. આ ઘટના દરમિયાન લાખો લોકો ઘરવિહોણા બન્યા હતા. આ વિસ્ફોટનું મુખ્ય કારણ વેરહાઉસમાં સંગ્રહિત એમોનિયમ નાઈટ્રેટ હતું.

## ICE Questions

- ➤ દેશમાં કયારથી નોન BIS (બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ) હેલ્મેટનું ઉત્પાદન અને વેચાણ અપરાધ ગણાશે ? – 1 જૂન, 2021થી
- ➤ કયો દેશ ગુજરાતમાં રેફ્રિજરેટેડ વેકિસન ટ્રાન્સપોર્ટેશન પ્લાન્ટ નાખશે ? – લકઝમબર્ગ
- ➤ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેકિસન ટૂર કરી હતી, કોવેકિસન નામની રસી વિકસાવી રહેલી કંપની ભારત બાયોટેક કયાં આવેલી છે ? – હૈદરાબાદ
- ➤ તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (UN-ECOSOC) દ્વારા ગુજરાતની કઈ સંસ્થાનું વિશેષ સલાહકારનો દરજ્જો આપીને ઉચ્ચતમ સન્માન કર્યું હતું ? – શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર
- ➤ તાજેતરમાં ગુજરાતમાં કયાં રાષ્ટ્રીય બાલવિજ્ઞાન પરિષદનું આયોજન થયું હતું ? – જૂનાગઢ
- ➤ મુંબઈ અને આજુબાજુના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળી ભરતી શેના કારણે થાય છે ? – બાયોલ્યુમિનેસન્સને કારણે
- ➤ ગુજરાત પોલીસને ઈલેકટ્રિક શોક આપતી કઈ ગન તાજેતરમાં મળી ? – ટીઝર ગન
- ➤ તાજેતરમાં ગુજરાત વીજ નિયંત્રક પંચના જ્યુડિશિયલ સભ્ય તરીકે કોણે શપથ લીધા ?

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

– શ્રી મેહુલ ગાંધીએ

- શ્રી એહમદ પટેલ સિવાય ગુજરાતના કયા અન્ય રાજ્યસભાના સાંસદનું તાજેતરમાં ચેન્નાઈ ખાતે નિધન થયું હતું ? – શ્રી અભય ભારદ્વાજ
- 'BSF રેઈઝિંગ દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ? – 1 ડિસેમ્બર
- 'The Apex Committee for the Implementation of the Paris Agreement (AIPA)' અંતર્ગત કેટલા સભ્યોનો સમાવેશ કરવામાં આવશે ? – 17 સભ્યો
- કઈ યુનિવર્સિટીએ તાજેતરમાં તેના પ્રથમ મહિલા વાઈસ–ચાન્સેલર (VC)ની નિમણૂક કરી હતી ? – અલાહાબાદ યુનિવર્સિટી
- અલાહાબાદ યુનિવર્સિટીના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર (VC)નું નામ જણાવો ? – પ્રોફેસર શ્રી સંગીતા શ્રીવાસ્તવ
- કોરોના વાઈરસની રસીને ત્રણ ટ્રાયલ બાદ મંજૂરી આપનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – બ્રિટન
- તાજેતરમાં 'અરેસિબો' નામનું વિશ્વનું સૌથી મોટું ટેલિસ્કોપ ધ્વસ્ત થઈ ગયુ હતું, અરેસિબો ટેલિસ્કોપ કયા દેશમાં સ્થિત હતું ? – પ્યૂર્ટોરિકા
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પ્લાન સિસ્ટમ 2.0 (ODPS 2.0)નો પ્રારંભ કયાંથી કર્યો હતો ? – મહાત્મા ગાંધી મંદિર, ગાંધીનગર
- 300 કલાકમાં 30 લાખ આકાશગંગાનું મેપિંગ તાજેતરમાં કયા ટેલિસ્કોપે કર્યું હતું ? – ઓસ્ટ્રેલિયન સ્કવેર કિલોમીટર એરે પાથફાઈન્ડર (ASKAP)
- તાજેતરમાં કયા રાજ્યએ ડિજિટલ મોડમાં લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) શરૂ કરી હતી ? – કર્ણાટક
- ઈથેરિયમ 2.0 શું છે ? – ઈથેરિયમ ક્રિપ્ટોકરન્સીનું અદ્યતન વર્ઝન
- ઈથેરિયમના સંશોધનકાર અને પ્રોગ્રામર કોણ હતા ? – વિતાલિક બ્યુટેરિન
- ભારતમાં કઈ કમિટીએ ક્રિપ્ટોરન્સીઝના પ્રતિબંધ અંગે ભલામણ કરી હતી ? – સુભાષચંદ્ર ગર્ગ કમિટી
- હુરુન ઈન્ડિયાની ધનિક મહિલાઓની યાદીમાં ટોચ પર રહેનાર મહિલાનું નામ જણાવો ? – રોશની નાદર મલ્હોત્રા
- 3RF ફ્રેમવર્ક કયા શહેરને પુનર્જીવિત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે ?– બૈરૂત (લેબનોન)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (OECD) દ્વારા જારી થયેલી માહિતી મુજબ કયાં દેશમાંથી સૌથી વધુ શિક્ષિત લોકોનું સ્થાંળતરણ થઈ રહયું છે ? – ભારત
2. ઈરાનના કયા પરમાણુ બોમ્બ કાર્યક્રમના જનક એવા ટોચના વૈજ્ઞાનિકની તાજેતરમાં હત્યા થઈ હતી ? – મોહસિન ફખરી જાદેહ
3. ફેસબુક સમર્થિત ક્રિપ્ટોકરન્સી 'લિબ્રા'ને હવે કયા નામે મૂકવામાં આવી રહી છે ? – Diem (ડિયમ)

   (Diemએ લેટિન શબ્દ છે જેનો અર્થ 'દિવસ' થાય છે.)
4. 12 નવેમ્બરે ડો. અલીમ અલીની કેટલામી જન્મજયંતી ઉજવાય ? – 125મી જન્મજયંતી
5. નવેમ્બર, 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને કેટલામી 'મન કી બાત' સંબોધી હતી ? – 71મી

   ('મન કી બાત'ની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 3 ઓકટોબર, 2014ના રોજ કરી હતી.)
6. તાજેતરમાં દક્ષિણ કોરિયાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી (A.I.)ની મદદથી બનાવેલ હ્યૂમનોઈડ ન્યૂઝ એન્કરનું નામ જણાવો ? – કિમ જુહા
7. વિશ્વકોશના પ્રણેતા કોણ હતા ? – સાંકળચંદભાઈ પટેલ

   (વિશ્વકોશની રચના ધીરૂભાઈ ઠાકરે કરી હતી. વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના 2 ડિસેમ્બર, 1985ના રોજ થઈ હતી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના દિનને 'વિશ્વ સંસ્કૃતિ પર્વ તરીકે ઉજવવામાં આવે છે.)
8. તાજેતરમાં જેઓનું નિધન થયું છે તેવા એહમદ પટેલની પ્રતિમા કયાં મુકવામાં આવશે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

– અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં

9. **Five Eyes Allianceમાં કયાં કયાં દેશોનો સમાવેશ થાય છે ?**

– ઓસ્ટ્રેલિયા, કેનેડા, U.K., ન્યૂઝીલેન્ડ, US

(આ જોડાણએ ઉપરોકત તમામ દેશો વચ્ચેનું ગુપ્તચર જોડાણ છે.)

10. **Nine Eyes Allianceના સભ્ય દેશો કયાં છે ?**

– Five Eyes Allianceના દેશો + ફ્રાંસ, ડેનમાર્ક, નોર્વે અને નેધરલેન્ડ

11. **Fourteen Eyes Allianceના સભ્ય દેશો કયાં છે ?**

– Nine Eyes Allianceના દેશો + જર્મની, બેલ્જિયમ, સ્પેન, ઈટાલી અને સ્વિડન

12. **કોવિડ-19 ની તપાસ માટે ડ્રાય સ્વેબ ડાયરેકટ RT-PCR ટેસ્ટની મંજૂરી તાજેતરમાં કોના દ્વારા આપવામાં આવી હતી ?** – ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)

(ડ્રાય સ્વેબ ડાયરેકટ RT-PCR ટેસ્ટ પદ્ધતિનો વિકાસ કાઉન્સિલ ઓફ સાઈન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ–સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેકયુલર બાયોલોજી (CSIR-CCMB) દ્વારા કરવામાં આવ્યો હતો.)

13. **તાજેતરમાં સેનેગલના કયા દિગ્ગજ ફૂટબોલરનું નિધન થયું હતું ?** – પાપા બાઉબા

14. **તાજેતરમાં ચીને કઈ નદી પર હાઈડ્રોઈલેકિટ્રક પરિયોજના સ્થાપવા માટેની તૈયારી દર્શાવી છે ?** – ચીનની યારલુંગ જાંગબો નદી જે ભારતમાં બ્રહ્મપુત્રા નદી તરીકે ઓળખાય છે.

15. **અમેરિકાની પ્રચલિત ઓનલાઈન ડિકશનરી મરિયમ–વેબસ્ટર અનુસાર વિશ્વનો 2020નો સૌથી પ્રચલિત શબ્દ કયો છે ?** – પેન્ડેમિક

16. **NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ)ના ચેરપર્સન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?** – IAS વર્ષા જોશી

17. **તાજેતરમાં ચીને કયા ન્યુકિલયર પાવર રિએકટરને તેના રાષ્ટ્રીય ગ્રીડ સાથે જોડયુ હતું ?**

– હુઆલોંગ વન

(હુઆલોંગ વન એ ચાઈના દ્વારા વિકસિત ત્રીજી જનરેશનનું ન્યુકિલયર પાવર રિએકટર છે. જે તેના પ્રકારનું પ્રથમ છે. ચીનમાં 47 ન્યૂકિલયર પાવર પ્લાન્ટો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. તાજેતરમાં કોણ એરટેલ દિલ્હીહાફ મેરેથોનમાં વિજેતા બન્યું હતું ? – અવિનાશ સેબલ

19. કેન્દ્ર સરકારનો ગીધ સંરક્ષણ માટેનો એકશન પ્લાન કયાં વર્ષ દરમિયાન અમલમાં મૂકવામાં આવશે ? – વર્ષ 2020થી 2025

(કેન્દ્ર સરકારના ગીધ સંરક્ષણ એકશન પ્લાન અંતર્ગત સૌરાષ્ટ્રના બે સફેદ પીઠ ગીધ, ત્રણ ગિરનારી ગીધ અને એક રાજગીધને સૌરઊર્જાથી સંચાલિત ટેગ લગાવવામાં આવ્યા છે અને ગીધ પર રિસર્ચ શરૂ કરવામાં આવ્યું છે.)

20. 'ચક્રવાત બુરેવી'ની સૌથી વધુ અસર કયા રાજ્યોમાં થઈ હતી ? – તમિલનાડુ, કેરળ

(ચક્રવાત બુરેવી અગાઉ તમિલનાડુ અને પુડુચેરી ઉપર 'ચક્રવાત નિવાર' ટકરાયું હતું. બુરેવી ચક્રવાતનું નામ 'માલદીવ' દેશ દ્વારા આપવામાં આવ્યું હતું.)

21. વર્ષ 2020માં ફોર્ચ્યુન ઈન્ડિયા - 500 લિસ્ટમાં પ્રથમ નંબરે કઈ કંપની રહી હતી ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

22. કોંગ્રેસના નવા ખજાનચી પદે કોની નિમણૂક કરવામાં આવી છે ? – પવન કુમાર બંસલ

(તાજેતરમાં નિધન પામેલા એહમદ પટેલની જગ્યાએ પવન કુમાર બંસલની નિમણૂક કરવામાં આવી છે.)

23. સક્રિય જવાળામુખી 'માઉન્ટ સિમેરૂ' કયા આવેલ છે ? – પૂર્વ જાવા, ઈન્ડોનેશિયા

24. 'બોકો હરામ'એ કયા દેશમાં સક્રિય આતંકવાદી સંગઠન છે ? – નાઈજિરીયા

25. 'દુવારે સરકાર' પ્રોગ્રામ તાજેતરમાં કયા રાજ્ય દ્વારા શરૂ કરાયો ? – પશ્ચિમ બંગાળ

(આ કાર્યક્રમ અંતર્ગત પશ્ચિમ બંગાળ સરકાર સરકારી સેવાઓ લોકોના ઘરો સુધી પહોંચાડશે.)

26. તાજેતરમાં કયા રાજ્યમાં બ્રુ જનજાતિઓના પુનર્વસનને કારણે હિંસક વિરોધ જોવા મળ્યો હતો ? – ત્રિપુરા

(બ્રુ જનજાતિ મુખ્યત્વે ભારતીય ચાઈનીઝ સમુદાય છે, જે મોટેભાગે આસામ, ત્રિપુરા અને મિઝોરમમાં વસે છે.)

27. 'ઓરૂન્દોઈ' સ્કિમ તાજેતરમાં કયા રાજ્યનાં 29 જિલ્લામાં વિસ્તૃત કરાઈ ? – આસામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(ઓરૂન્દોઈ સ્કિમનો હેતુ મહિલા સશકિતકરણનો છે. આ યોજના દ્વારા રાજ્ય સરકાર ઘરની નામાંકિત મહિલાના ખાતામાં દર મહિને ઓછામાં ઓછા રૂ. 830 જમા કરે છે.)

28. TIME Kid of the Yearનો ખિતાબ કોણ જીત્યું ? – ભારતીય અમેરિકન ગીતાંજલિ રાવ (ગીતાંજલી રાવને આ એવોર્ડ દૂષિત પીવાના પાણી સંબંધિત મુદ્દાઓને હલ કરવાની ટેક્નોલોજી અંગે કાર્ય કરવા માટે એનાયત કરવામાં આવ્યો હતો.)

29. વૈશ્વિક ડેરી પ્રોસેસર્સના રેન્કિંગમાં અમૂલ ડેરીએ કેટલામું સ્થાન મેળવ્યું છે ? – આઠમું

30. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2020 મુજબ દક્ષિણ–પૂર્વ એશિયામાં સૌથી વધુ મેલેરિયાના કેસમાં ઘટાડો નોંધનાર દેશ કયો છે ? – ભારત

(25 એપ્રિલ : વિશ્વ મેલેરિયા દિવસ)

31. ભારતીય નેવીએ તાજેતરમાં સુપરસોનિક ક્રુઝ મિસાઈલ ‘બ્રહ્મોસ’ના એન્ટિ–શિપ વર્ઝનનું પરીક્ષણ કયા સ્થળેથી કર્યું હતું ? – આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ ખાતેથી

32. ખેડૂતોને થતાં અન્યાય અને કૃષિ કાયદા મુદ્દે પંજાબના કયા પૂર્વ મુખ્યમંત્રીએ ‘પદ્મ વિભૂષણ’નું સન્માન પરત કર્યું હતું ? – પંજાબના પૂર્વ મંખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ

(ODPS 2.0 અંતર્ગત રાજ્ય સરકારે પ્લાન પાસ કરાવવા માટે 15 પેરામીટર્સનું સૂચન કર્યું છે.)

33. ગુજરાત સરકારની રાજ્યમાં બિલ્ડરો માટે સર્જાયેલી ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ 2.0 (ODPS 2.0) અંતર્ગત ઓનલાઈન પ્લાન પાસ કરાવવા માટે કેટલો સમય લાગશે ? – ઓનલાઈન અરજી કર્યા બાદ લઘુત્તમ 27 દિવસ અને મહત્તમ 44 દિવસમાં)

34. ઓલ ઈન્ડિયા રેડિયોના જાણીતા કયા એનાઉન્સરનું તાજેતરમાં નિધન થયું હતું ?
– સાદિક નૂર પઠાણ

35. તાજેતરમાં RBIએ કઈ બેંક પર નવા ક્રેડિટકાર્ડ ઈશ્યૂ કરવા અને નવા ડિજિટલ લોન્ચિંગ પર કામચલાઉ પ્રતિબંધ લગાવ્યો હતો ? – HDFC બેંક42.

ફેસબુક સમર્થિત ક્રિપ્ટોકરન્સી ‘લિબ્રા’ને હવે કયા નામે મૂકવામાં આવી રહી છે ?
– Diem (ડિયમ)

(Diemએ લેટિન શબ્દ છે જેનો અર્થ ‘દિવસ’ થાય છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**36.** તાજેતરમાં કયા મ્યૂઝિક સાધનની બનાવટના 100 વર્ષ પૂર્ણ થયા હતા ? – થેરેમિન
(તેને વિશ્વનું પ્રથમ ઈલેક્ટ્રોનિક મ્યૂઝિક સાધન માનવામાં આવે છે. તેને લિયોન થેરેમિન દ્વારા બનાવવામાં આવ્યું હતું.)

**37.** વન–ડે ક્રિકેટ ઈન્ટરનેશનલમાં ઝડપી 12,000 રન બનાવનાર ક્રિકેટરનું નામ જણાવો ?
– વિરાટ કોહલી
(251 વન–ડેમાં તેણે આ સિદ્ધિ મેળવી હતી.)

**38.** તારક મહેતા સિરિયલના કયા લેખકે તાજેતરમાં આત્મહત્યા કરી લીધી હતી ?
– અભિષેક મકવાણા

**39.** તાજેતરમાં જેમનું નિધન થયું છે એવા લેખક શ્રી જયંતીભાઈ મેઘાણી કોના પુત્ર હતા ?
– શ્રી ઝવેરચંદ મેઘાણીના

**40.** અર્થતંત્રના સંદર્ભમાં V-Shaped Recoveryનો અર્થ શું ?
– અર્થતંત્રમાં તીવ્ર ઘટાડા પછી અર્થતંત્રને મળેલ તીવ્ર પુનઃપ્રાપ્તિ



## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT